# બાલ-કિશોર સાહિત્ય

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

**બાળકો તેમ જ કિશોરો માટેનાં**

**શ્રી ગિજુભાઈનાં**

બાલસાહિત્ય માળા ૮૦ પુસ્તકો ચાર બોક્સમાં ૪૦–૦૦
બાલસાહિત્ય ગુચ્છ ૨૫ પુસ્તકો એક બોક્સમાં ૧૪–૦૦
બાલસાહિત્ય વાટિકા ૩૨ પુસ્તકો સેટની કિંમત ૪૧–૭૫
બાલસાહિત્ય વાટિકા મંડળ બીજું સોળ પુસ્તકો ૨૩–૨૫
બાળવાર્તાઓ ૧ થી ૫ ૯–૭૫ રખડુ ટોળી ૪–૫૦
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ૨–૦૦ કિશોરકથાઓ ૧-૨ ૩–૫૦
ધર્માત્માઓનાં ચરિતો ૨–૫૦

**શ્રી નાનાભાઈ ભટ્ટનાં**

મહાભારતનાં પાત્રો (૧૩) ૨૦–૭૫ આખ્યાયિકાઓ ૧-૨ ૪–૭૫
રામાયણનાં પાત્રો (૬) ૧૨–૦૦ ભાગવતકથાઓ ૩–૦૦
શ્રીમદ્ લોકભાગવત . . . ૭–૫૦

**શ્રી મૂળશંકર મો. ભટ્ટનાં**

સાહસિકોની સૃષ્ટિ ૪–૫૦ સાગરસમ્રાટ ૩–૦૦
પાતાળપ્રવેશ ૨–૫૦ ખજાનાની શોધમાં ૨–૫૦

---


ટારઝન ભાગ ૧ થી ૧૦ શ્રી શંકર શાહ સેટના ૧૩–૫૦
બાલરામાયણ મોંઘીબેન ૨–૫૦
રંગરેખા (ચિત્રસંપુટ) શ્રી સોમાલાલ શાહ ૩–૦૦

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨**

**કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, પોસ્ટ બૉક્સ નં. ૨૫૧૭**

શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા : પુસ્તક ૮ મું

સંપાદક : ગિજુભાઈ

# વનવૃક્ષો

: લેખક :

ગિજુભાઈ

卐

સુધારેલી કિંમત

રૂ. ૧-૫૦

આર. આર. શેઠની કું. મુંબઈ-૨.

આર. આર. શેઠની કંપની

કેશવબાગ; પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

૧૯૬૪ ] [ ઑગસ્ટ

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ, આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૨

પહેલી વાર : સપ્ટેમ્બર ૧૯૩૬
ચોથી વાર : ઑગસ્ટ ૧૯૬૪
રૂ. ૧-૦૦

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા, પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પરિચય

આશ્રમવૃક્ષો પછી આ વનવૃક્ષો છે. મનુષ્યજીવન અને વનસ્પતિજીવન એકબીજાનાં કેવી રીતે સહાયક છે અને કુદરતનું ડહાપણ કેવું અદ્ભુત છે એની ખબર કુદરતના અભ્યાસમાંથી પડે છે. વનવૃક્ષો માત્ર વૃક્ષોની યાદી નથી કે તેનાં વર્ણનો નથી. પક્ષીઓ પેઠે વૃક્ષો પણ અભ્યાસ કરવા યોગ્ય છે, અને એ રસિક અભ્યાસની દિશા ઉઘાડવા માટે આવાં પુસ્તકોની યોજના છે.

ગિજુભાઈ

# અનુક્રમણિકા

*


| | | | |
|---|---|---|---|
| વડ .... .... .... | ૭ | બહેડાં .... .... .... | ૫૬ |
| સાગ .... .... .... | ૧૧ | કોકમ .... .... .... | ૫૯ |
| દેવદાર .... .... .... | ૧૪ | કોઠી .... .... .... | ૬૧ |
| નેતર .... .... .... | ૧૭ | સરુ .... .... .... | ૬૨ |
| નાળિયેરી .... .... | ૧૯ | જાળ્ય .... .... .... | ૬૩ |
| ખજૂરી .... .... .... | ૨૪ | બોરડી.... .... .... | ૬૮ |
| ખજૂરાં .... .... .... | ૨૭ | ગાંડો બાવળ .... .... | ૭૦ |
| તાડ .... .... .... | ૩૦ | લીલો બાવળ.... .... | ૭૩ |
| આંબલી .... .... | ૩૩ | બાવળ.... .... .... | ૭૭ |
| રાયણ .... .... .... | ૩૬ | ખીજડો .... .... | ૮૧ |
| ઊમરો .... .... .... | ૩૮ | રૂખડો .... .... .... | ૮૩ |
| મહુડો .... .... .... | ૪૨ | સીસમ .... .... | ૮૫ |
| ખાખરો .... .... | ૪૫ | કદંબ .... .... .... | ૮૮ |
| બીલી .... .... .... | ૪૮ | શીમળો .... .... | ૯૦ |
| અરણિ .... .... .... | ૫૦ | ચંદનવૃક્ષ .... .... | ૯૨ |
| આમળી .... .... | ૫૩ | [ કુલ પૃષ્ઠ ૯૫ ] | |


*

# વનવૃક્ષો

* *

*

# વડ

ઘણાં રળિયામણાં ઝાડોમાં વડ એક રળિયામણું ઝાડ છે.

વર્ષોથી અખંડ તપ તપતા દાઢી અને જટાવાળા યોગીરાજ જેવો વડ પૃથ્વી ઉપર બહુ વર્ષો સુધી તપે છે. વટેમાર્ગુ ઉપર આશીર્વાદની છાયા વરસાવતી લાંબી જાડી ડાળીઓ કાઢતાં વડ થાકતો નથી.

ડાળે ડાળે પક્ષીઓને રાત અને દિવસ વડનો સદાનો આવકાર છે. રાતા અને લીલા, પાકા અને કાચા વડના ટેટાની પક્ષી માત્રને પ્રેમભરી મિજબાની છે.

"આવો, કુદરતનાં બાલુડાંઓ! આવો. આ ડાળીઓ તમારી છે; આ પાંદડાં તમારાં છે; આ ટેટા તમારા છે. ડાળે બેસી કલ્લોલ કરો; કુદરતનાં મીઠાં ગીત ગાઓ. ડાળે ડાળે માળાઓ કરો અને એકએક ટેટાને તમારે માટે સ્વીકારો.

"મને ધરતી માતા આપે છે અને હું તમને આપું

છું. ધરતીમાં ગયેલાં મૂળ થડને પાણી પાય છે; જાડું થઈ થડ ડાળીઓ કાઢે છે; લળતી નમતી ડાળીઓ પાંદડાંને પ્રગટાવે છે, ને પાંદડે પાંદડે ટેટાની લૂમો બાઝે છે.

"ધરતી માતાએ આપેલું આ બધું તમારું છે. ઓ નીચે ઊભેલા ગોવાળો ! આવો; તમે પણ આ મારી ડાળે ઝુલો ને વડવાઈએ હીંચો. તમને પણ ગીતો ગાતાં આવડે છે. નવનવાં લોકનાં ગીતો ગાજો, અને ચણવા ગયેલાં મારાં પંખીડાંનાં બચ્ચાંઓને એ ગીતો સંભળાવજો. હું તો બહુ ભાગ્યવાન કહેવાઉં કેમકે દિવસે તમને સાંભળું, સાંજે ને સવારે પંખીઓને સાંભળું, ને બપોરે નાકાં બચ્ચાંઓની મીઠી કોમળ વાણી સાંભળું !

"આવો, ખેડૂતોના છોકરાઓ ! હળ મૂકીને બે ઘડી બેસો. આ વડવાઈનો હીંચકો બાંધી હીંચતા હિલોળા કરો. તમારાં ખેતરોની ચિંતા ન કરો. મારી ઊંચી ઊંચી ડાળો તમારા હળ ને બળદની નજર રાખશે. ભથવારીઓ ! આવો. અહીં જ ભાત ઉતારો અને તમારા ભરથારોને આ મારી શીતળ છાયા નીચે ભાત ખવરાવો. ભાત ખવરાવતાં ખવરાવતાં થતી તમારી વાતો હું સાંભળીશ અને જાણીશ કે ભલા, માણસો તે કેવી વાતો કરતાં હશે ?

"અને ઓ વટેમાર્ગુઓ ! તમને વળી નોતરાં શાં આપવાનાં હોય ? હું તો તમારો સદાનો વિસામો છું, ને સદા ય વિસામો રહેવાનો છું. કેટલાં ય ગાડાં, કેટલાં ય ગડેરાં, કેટલી ય વેલો ને કેટલી ય વેલડીઓ, આ



દેહની છાયા નીચે બે ઘડી થંભેલી છે. પગપાળા જનારાઓ ! તમે પણ અહીં બેસો.

"ઓહોહો ! હું તો ઘણાં વર્ષોનો જૂનો છું ને મેં કેટલું ય જોયેલું છે. પેલા મેદાનમાં સામેના ગામના લોકોને અંદરઅંદર વઢતા જોયેલા, અને એ સુખિયા ગામને મેં એમ હાથે કરીને નાશ પામતું ભાળેલું. મારી આંખ તે વખતે ભીની થઈ હતી; મારું પાંદડેપાંદડું તે વખતે રડી ઊઠયું હતું.

"અમે ઝાડવાંઓ છીએ, પણ અંદરઅંદર બાઝતાં નથી. અરેરે, માણસો !

"એ જ ભીની આંખે પેલું નવું ગામ વસતું ભાળ્યું છે. એના લોકોનો કિલ્લોલ જોઈને એ ભીની આંખો સુકાઈને પાછી હસતી થઈ છે.

"જંગલમાં ભૂલા પડેલા રાજપુત્રો આ મારી સૌથી નીચી ને જાડી ડાળ ઉપર વર્ષો પહેલાં રાત રહ્યા હતા.

"પેલી દૂરની નદી એક વાર આ થડ પાસેથી જ વહેતી હતી; ખસતી ખસતી હમણાં તે ત્યાં ગઈ છે. નદીનાં જળ બદલાય પણ હું કાંઈ બદલાઉં ? એ ખસે પણ મારાથી કાંઈ ખસાય ? હું તો વડ. કેટલાં ય ઝાડોનો દાદો ને કેટલાંયનો દાદાનો દાદો !

"જૂના ઋષિમુનિઓ મારા બાપદાદાની છાયાએ તપ તપેલા. દક્ષિણામૂર્તિ દેવ તો વડની છાયાએ જ

બેસતા ને મૂંગું વ્યાખ્યાન કરી પોતાના શિષ્યોને ભણાવતા. એવા વડના કુળનો છું હું; એવી જાુનવટ છે મારી; એવાં સંભારણાં છે મારાં; એવો સૌ સાથેનો સંબંધ છે મારો–વર્ષોથી આજ સુધીનો."

# સાગ

એક લોકગીતમાં 'સાગસીસમના ઢોલિયા'નું સુંદર વર્ણન કરેલું છે. આખું ગીત તો મને નથી આવડતું પણ એની પહેલી લીટી યાદ છે—

**"સાગ સીસમનો ઢોલિયો,**
**અમરાડમરાનાં વાણ."**

મને યાદ આવે છે કે એક વાર મારા પિતા સુતારને કહેતા હતા: "આપણે દેવદારની પેટી નથી કરાવવી, સાગની કરાવવી છે."

સાગ ઘણું જ મજબૂત લાકડું છે. તે ઘણો લાંબો વખત ટકે છે એટલે જ લોકો લાકડાની કિંમતી ચીજો મોટે ભાગે સાગની કરાવે છે.

સાગનું ઝાડ ઘણું ઊંચું થાય છે. હિમાલય ઉપર મને યાદ છે તે પ્રમાણે મેં ઘણાં લાંબાં લાંબાં સાગનાં ઝાડ જોયેલાં. જો હું ન ભૂલતો હોઉં તો વહાણનો ડોલ-

ફૂવો સાગનો બને છે; ઘરના લાંબા પાટડા પણ સાગના જ હોય છે.

સાગનું થડ ઘણું જાડું થાય છે, અને તેથી તેનાં પાટિયાં ઘણાં પહોળાં થાય છે. મારા જ ઘરમાં એવાં સળંગ પહોળાં પાટિયાંની એક મોટી જબરી પેટી છે. પહોળા પાટલા અને મોટા દરબારી બાજોઠો સાગનાં પાટિયાના થાય છે. મોટા જબરા મોભ પણ સાગના બને છે.

સાગ ગુજરાતની દૂર હિમાલયમાં, બ્રહ્મદેશમાં અને મલબારમાં થાય છે. એ તો ઠીક; પણ આપણે જ આંગણે ડાકોર-ગોધરા વચ્ચે સાગનું વન છે. આજ દિવસ સુધી મને તેની ખબર નહોતી. ગોધરા જતાં મેં એ જોયું. એકલા સાગનાં જ ઝાડ! પાતળાં ઊંચાં થડ અને રાતાં રાતાં પાંદડાં. સાગના વનમાંથી ગાડી પસાર થઈ ત્યાં સુધી મેં તો તેની સામે જોયું જ કર્યું. મોટા જંગલમાંથી જતા હોઈએ એમ મને લાગ્યું.

આવડી મોટી ભૂગોળ ભણેલો પણ ગુજરાતમાં સાગનાં ઝાડ થાય છે એમ કોઈએ ભણાવેલું નહિ! એવું ઉપયોગી તો ઘણું યે નહિ જાણતો હોઉં; ને કદાચ ભૂગોળમાં ય એવું નહિ લખ્યું હોય. ભૂગોળવાળા તો ગામડાં, ડુંગર ને નદીઓ લખી જાણે.

ભૂગોળમાં નદીઓ કાંઠેનાં શહેરોની વાત લખે છે તેને બદલે સાગ પચાસ હાથ ઊંચું થાય છે, સાગનું ઝાડ જલદી સડી જતું નથી કારણકે તે કડવું હોય છે, એવું



કોઈએ લખ્યું નથી. કોઈ કહેશે : "એવી બધી વાતો તે ભૂગોળમાં ક્યાં લખવા બેસીએ? અને એ વાતો ભૂગોળમાં શાની આવે?"

હું કહીશ કે "ભૂના ગોળ ઉપર ઊગેલાં ઝાડવાંની વાત ભૂગોળમાં ન આવે તો શું આકાશની વાતમાં એ (ખગોળમાં) આવે?"

મને હમણાં જ ખબર પડી કે સાગને ફળ થાય છે અને તે તૂરાં ને જરાક કડવાં હોય છે; એની છાલ પણ જરાક તૂરી અને જરાક મીઠી હોય છે.

ખરી રીતે આપણે ઝાડની છાલનો સ્વાદ કેવો આવે છે, ફૂલનો સ્વાદ કેવો આવે છે, તેની કદી દરકાર જ કરતા નથી.

આજ દિવસ સુધી તો આપણે એમ ને એમ ચલાવ્યું, પણ હવે તો આપણે ફૂલેફૂલની વાસ લઈએ, છાલેછાલને ચાખી જોઈએ, પાનેપાનને ચાવી જોઈએ, તો આપણને ઘણી યે ખબર પડે.

કોઈ વાર આપણે વૈદને જઈ ને પૂછીએ કે આની છાલનો શો ગુણ? ને આનાં ફૂલનો શો ગુણ? ને આના મૂળનો શો ગુણ? તો તે ઘણું ઘણું કહેશે.

વૈદ કહેશે : લીમડાની અંતરછાલ પાણીમાં પલાળવી; તેનું પાણી પીવાથી તાવ મટશે. સાગના મૂળને ઘસીને પાવાથી સાપનું વિષ ઊતરશે. ગુલાબની પાંખડીમાંથી અત્તર નીકળશે ને તેનો ગુલકંદ પણ થશે.

# દેવદાર

એક વાર અમારે ત્યાં વૈદ ઉકાળાની યાદી લખાવતા હતા તેમાં દેવદાર પણ લખાવેલો. બાપાજી ઉકાળાની ચીજો લાવ્યા ત્યારે મેં પૂછ્યું: "બાપુ! આમાં દેવદાર કયો?"

મને તેમણે એક લાકડાનો કકડો બતાવ્યો. દેવદારનો કકડો જરા લાલ ધોળો હતો, તેમાંથી સુગંધ આવતી હતી. મેં તેમાંથી એક નાનો કકડો લઈ લીધો ને સૂંઘવા માટે ગજવામાં રાખી મૂકયો. કેટલા ય દિવસ સુધી નાના કકડાને મેં સૂંઘ્યો. જેમ સુખડના કટકામાંથી વાસ આવે છે તેમ તેમાંથી એક જાતની વાસ આવતી.

ઘણા વખત પછી મને ખબર પડી કે કેટલાક ધૂપના ભૂકામાં દેવદાર પણ વાપરવામાં આવે છે. મેં પોતે તે બાળી જોયો છે ને જાણ્યું કે તેની વાસ સુંદર આવે છે.

થોડા જ વખત પહેલાં ખબર પડી કે ટરપેન્ટાઈન



તેલ દેવદારમાંથી બને છે. મને લાગે છે કે કડવા દેવદારમાંથી ટરપેન્ટાઈન નીકળતું હશે.

ભીંડો ચોમાસામાં વાવીએ અને થોડા દહાડામાં એને શિંગો આવે; બોરડી વરસ બે વરસમાં મોટી થાય ને તેના ઉપર બોર આવે; એટલે આપણે તો એમ જ માનીએ કે ઝાડ ઉપર ફળો ઝટઝટ આવતાં હશે. ત્રીશ ચાળીસ વર્ષે દેવદારને ફળ આવે છે એવું કોઈએ નાનપણમાં મને કહ્યું હોત તો હું માનત જ નહિ. પણ વાત તદ્દન સાચી છે.

દેવદારનું ઝાડ ઘણું ઊંચું થાય છે. કેટલાં ય વર્ષે એને ફળ આવે, ત્યારે એમ પણ હશે જ ને કે એ ભીંડા પેઠે આજ થાય ને કાલે મરે પણ નહિ! ઝટ જન્મે, ઝટ ફળે ને ઝટ મરે તે ભીંડો; પણ દેવદાર તો સો સો અને બસો બસો વર્ષ સુધી જીવે છે. આંબો પણ ઘણું જીવે છે. સાગ પણ ઘણું જીવે છે. એવાં મોંઘાં ઝાડ ઝટ થઈને ઝટ મરે તો પાર કયાં આવે?

સાગ, દેવદાર એ બધાં એક જંગલમાં વસવાવાળાં, એક જ હિમાલયના હિમના પહાડો જોવાવાળાં, ને આકાશ સાથે વાતો કરવાવાળાં. એમ છતાં માણસે માણસે ફેર, એમ ઝાડે ઝાડે પણ ફેર તો છે જ. સાગ બહુ ભારે છે તો દેવદાર બહુ હળવો છે. સાગનો રંગ એક જાતનો તો દેવદારનો બીજી જાતનો સાગ ઇમારતમાં કામ આવે ત્યારે દેવદાર સાધારણ જાતના ફરનીચરમાં

કામ આવે.

બસ, ત્યારે દેવદારની વાત આટલી છે. બાકીની વાત તમે મોટા થાવ ત્યારે હિમાલયમાં જઈને જાણજો. મને કાંઈ બધી વાત ન આવડે.

# નેતર

કોઈ વાર તમે નેતરની સોટી વાંસામાં ખાધી હશે. નાની નાની, હલાવીએ ત્યારે આમતેમ વળે તેવી, નેતરની સોટીઓ તમે વાપરી હશે. નેતરથી ભરેલી ખુરશી ઉપર તમે કદાચ બેઠા પણ હશો.

તમને ખબર છે આ નેતર શું છે?

નેતરની સોટીઓ નેતરના ઝાડની ડાળો છે. નેતરની ટોપલીઓ, નેતરની સોટીઓની ચીપોમાંથી બનાવે છે.

આ નેતરનું ઝાડ મેં તો હજી ભાળ્યું નથી અને કદાચ તમે પણ નહિ જોયું હોય. આપણે ત્યાં નેતર મલબાર ને મહાબળેશ્વર, મેંગલોર અને રામેશ્વરમાં થાય છે. પણ નેતરનાં વનનાં વન તો ચીનમાં થાય છે.

ચીનમાંથી આપણા દેશમાં ચીની વાસણ આવે છે, ચીની ફટાકડા આવે છે, એ તો તમે જાણતા હશો; પણ એટલું બધું નેતર પણ ચીનમાંથી આવે છે એ હવે જાણજો.

બધા દેશો આપણા દેશમાં મોકલે અને આપણે

વાપરીએ! આપણે ત્યાં તો ઘણું છે પણ આપણને હજી ઉગાડતાં, વધારતાં ને વાપરતાં ક્યાં આવડે છે? એનું કારણ તો એમ કે આપણે આળસુ છીએ. આપણે ચીન-માંથી નેતર ન મગાવીએ તો એક મોટો લાભ એ થાય કે માસ્તરો ને સિપાઈઓના હાથમાંથી નેતરની સોટીઓ ચાલી જાય. જે નિશાળિયા હશે તેમને તો આ વાત ખૂબ ગમશે.

નેતર વાળીએ તેમ વળે તેવું છે. ચોપડીઓમાં તેને માટે અઘરું વિશેષણ લખેલું છે; વાળીએ તેવું વળે ને પાછું હતું તેમ થઈ જાય એટલે સ્થિતિસ્થાપક.

વાંસની સોટી જેમ નેતર ભાંગી જતું નથી. તે ઘણું ચીકણું છે એટલે જ માસ્તરો નેતરની સોટી પસંદ કરે છે. છોકરાનો બરડો ભાંગે પણ નેતરની સોટી ન તૂટે! પણ મને લાગે છે કે નિશાળના બધા છોકરા ભેગા મળીને માસ્તરના વાંસા ઉપર એને ભાંગી શકે ખરા. પણ આવું કોઈ કરશો નહિ, હો ભાઈ!

કોઈ કહેશો કે નેતરનું ઝાડ કેટલા હાથ ઊંચું થતું હશે?

તમે નથી કહેતા ત્યારે લ્યો હું કહું. તે ત્રીશથી ચાળીશ હાથ ઊંચું થાય છે. ઊંચું થાય છે છતાં તે ભલા માણસ પેઠે ખૂબ નમે છે. ભલાઈથી નમવું બહુ સારું છે, પણ નેતરની સોટીથી નમવું એ કાંઈ સારું નથી!

# નાળિયેરી

પક્ષીઓમાં મોરને માથે કલગી છે એમ ઝાડમાં નાળિયેરીને માથે મુગટ છે. પવન આવે છે ત્યારે આ મુગટ ભજન કરતા ભજનિકના તંબૂર ઉપર જેમ મોરપીંછાં ડોલે છે, તેવી રીતે ડોલે છે.

તમે ચિત્રકાર હો તો ભૂરા આકાશ નીચે અને દરિ-યાના ભૂરા ધોળા પાણી નજીક ઊગેલા નાળિયેરીના ઝાડને આબાદ ચીતરવાનું મન થઈ જાય. તમે તેનું થડ રાખો-ડિયું કાઢી લીલી પટ્ટીથી તેને શણગારશો.

મોમ્બાસામાં આવેલી મ્નાજીમોજાની જગા હું કદી ભૂલ્યો નથી. મ્નાજી એટલે નાળિયેરી અને મોજા એટલે એક: એક નાળિયેરી. અસલ આ જગાએ એક નાળિયેરી હતી. પછીથી ત્યાં અનેક નાળિયેરીઓ થઈ, પણ એ જગા-નું નામ તો મ્નાજીમોજા જ રહી ગયું.

એસ્કાર્પમેન્ટના મોટા શામ્બા (ખેતર) માં આવેલાં નાળિયેરીનાં ઝાડો નીચે બેસી ધરાઈ ધરાઈ ને નાળિયેરનાં

મીઠાં પાણી પીધેલાં એ કેમ ભુલાય ?

મારા ભાઈબંધો કાચા નાળિયેરમાંથી પાણી પીધા પછી તેમાંથી ધોળું કાચું ટોપરું મને વહાલ કરી ખવરાવતા હતા. તે વાતને આજે વીશ વર્ષો વીતી ગયાં છે.

જંગબારનાં મહાફળો એટલે લીલાં નાળિયેર ઉપર મેં એક વાર કવિતા કરેલી. પણ એ ખોવાઈ ગઈ, એટલે દિલગીર છું કે અહીં લખી શકતો નથી.

જંગબાર અને પૂર્વ આફ્રિકાનો કિનારો એ નાળિયેરીનાં ઘર છે.

મહારાષ્ટ્ર, કર્ણાટક, સહ્યાદ્રિ એ બધાં પણ નાળિયેરીના માહેરઘર છે. માહેરઘર એટલે પિયર. એટલે જ દક્ષિણી લોકોને નાળિયેર બહુ વહાલું હશે.

ટોપરાને દક્ષિણી લોકો શાકભાજીમાં સ્થળે સ્થળે વાપરે છે. ચટણીમાં ટોપરું, દાળમાં ટોપરું, શાક ઉપર ટોપરું, ખીચડી ઉપર ટોપરું. દક્ષિણી રસોઈનો ટોપરું એ શણગાર ને સ્વાદ બંને છે.

કાઠિયાવાડ-ગુજરાતમાં નળિયેરી થોડી એટલે એ લોકોએ નાળિયેર પોતાને બદલે દેવને માટે રાખ્યું : માતા પાસે નાળિયેર મૂકો, શંકર પાસે નાળિયેર વધેરો, મંગલકલશ ઉપર નાળિયેર મૂકો, રાંદલમાતા નાળિયેરનાં બનાવો.

તોપણ કાઠિયાવાડ-ગુજરાતનાં કોઈ કોઈ રાનોમાં નાળિયેરીઓ થાય છે ખરી.

હુતાશનીમાં ખજૂરટોપરું ખાવાનો કાઠિયાવાડમાં



સારો મહિમા છે. કાઠિયાવાડના લોકો છોલાસોતા નાળિયેરમાં અંગૂઠે દબાવી અંદર સોપારી પેસાડી દેવાની બળવાન રમત રમે છે. હુતાશનીમાં નાળિયેર ફેંકવાની રમતો ચાલે છે.

યજ્ઞોમાં નાળિયેર હોમવાનો રિવાજ છે. દેવીઓનાં મંદિરે આખાં નાળિયેરનાં તોરણો બંધાય છે. પિતૃ અથવા દેવરૂપે નાળિયેર મૂર્તિ તરીકે મૂકવામાં આવે છે.

નાળિયેર ઉપરનાં છોલાંનાં દોરડાં, કાથી, શીકાં વગેરે બનાવાય છે, ત્યારે કાચલીમાંથી આફ્રિકાના લોકો પ્યાલા અને ચમચા બનાવે છે. આપણા લોકો એના પાણી કાઢવાના ડોયા બનાવે છે.

કાચલીને આખી રાખી આંખ આગળ કાણું પાડી તેને હોકાનું પાણી ભરવાનું વાસણ બનાવવામાં આવે છે. ગુડગુડ થતા હોકાની નીચે જે લંબગોળ આકારનું કાળા રંગે રંગેલું અને રૂપાની કે સોનાની બેઠકવાળું વાસણ હોય છે, તે આ કાચલી છે. દરબાર લોકો હોકાને બહુ સરસ રીતે શણગારે છે.

તમારે નાળિયેરી ઉપર ચડવું હોય તો ચડતાં શીખવું પડશે. રોજના ચડવાવાળાઓ તો વાંદરા જેમ તેના ઉપર ચડી જાય છે; કેડે ચામડાનો પટ્ટો બાંધી અગર પગને બે દોરડેથી બાંધી સરક સરક કરતા તેઓ ઉપર ચડી જાય છે. ઉપર ચડવાનું તમે તેમની પાસેથી શીખી લેજો.

તમને દાદર થઈ હોય તો કાચલીને સળગાવી

થાળીમાં મૂકી તેના ઉપર ભરેલ પાણીની બીજી થાળી ઢાંકજો. ઢાંકેલી થાળીની પાછળ ચોંટેલો રસ દાદરે લગાડજો; પણ જ્યારે એકદમ બળવા લાગે ત્યારે 'ઓયવોય' ન કરતા !

તમે આજકાલનાં ગ્યાસલેટિયાં તેલોના શોખીન ન હો તો ચોખ્ખું કોપરેલ તેલ જ માથામાં નાખજો. સૂકાં ટોપરાંમાંથી કોપરેલ તેલ કાઢવામાં આવે છે.

તમારે ત્યાં ઢોર હોય તો તમારા બાપુને કહેજો કે ટોપરાનો ખોળ પણ થાય છે. આપણે ત્યાં તલનો ખોળ ઢોરને મળે છે, અને મલબાર વગેરે દેશોમાં ટોપરાનો ખોળ અપાય છે. તેલ કાઢી લીધા પછી જે કૂચો રહે તેનું નામ ખોળ કહેવાય છે, તે તો તમે જાણતા જ હશો.

તમારે નાળિયેરી વાવવી હોય તો તમે શું કરશો ? સારું મજાનું પાકું ત્રોફા સહિતનું નાળિયેર લઈને પ્રથમ તો કેટલા ય દિવસ સુધી કૂવાના પાણીમાં પલાળજો. કોઈ કૂવામાં સાચાં નાળિયેર તરતાં જુઓ ત્યારે તે વાવવા માટે છે એમ સમજજો.

લાંબો વખત પલાળેલું નાળિયેર જમીનમાં વાવજો એટલે નાળિયેરી ઊગશે. ધીમે ધીમે વધતાં પાંચછ વર્ષે ઝાડ ઊંચું થશે, અને વધતાં વધતાં ચાળીશ પચાસ હાથ જશે. પછી એક દિવસ નાળિયેરો બેસશે. સારી એવી નાળિયેરીને દર વર્ષે આશરે ચારસો નાળિયેર બેસે છે. એક નાળિયેરનાં પાંચસો નાળિયેર ! નાળિયેરીના રાનમાં



આટલાં બધાં નાળિયેર થતાં હશે ત્યારે જ એવા લોભિયાઓને ત્યાં જઈને મફત લેવાનું મન થયું હશે ને ? એ લોભિયાની વાર્તા પણ જાણતા હશો.

નાળિયેરીનાં પાંદડાં તમે માપશો તો તે સોળ સોળ ફૂટનાં લાંબાં જણાશે. તમે જોશો તો દેખાશે કે તેનાં પાંદડાં ચિરાયેલાં છે. એનું કારણ તો એમ છે કે જો પાંદડાં ચિરાયેલાં ન હોત તો નાળિયેરી પવનથી નીચે પડી જાત. પણ આ ચિરાડોને લીધે પવન પાંદડાંમાંથી સોંસરો ચાલ્યો જાય છે ને નાળિયેરી બચી જાય છે.

તમને થશે કે નાળિયેરી વિષે ઘણી વાતો કહી. અને તમે પૂછશો : "ત્યારે ખજૂરી વિષે કંઈક કહો ને ?"

લ્યો ત્યારે ખજૂરી વિષે.

# ખજૂરી

હું તમને પૂછીશ કે ખજૂરની જાતિ કઈ? નર, નારી કે નાન્યતર ? અમે કઠિયાવાડીઓ ખજૂર કેવો કહીએ છીએ; ગુજરાત ખજૂર કેવું કહે છે, અને ઝાલાવાડ તથા કચ્છમાં ખજૂર બિચારી કેવી કહેવાય છે ! પરદેશી લોકોની ઘણી વાર આવી વલે થઈ પડે છે. ખરી રીતે આપણે આરબ લોકોને પૂછવું જોઈએ કે ખજૂરની કઈ જાતિ છે.

શિયાળામાં ખજૂર અરબસ્તાનથી આવવા લાગે છે ને હુતાશની ઉપર તો ચારેકોર ખજૂરદાળિયા થઈ જાય છે ! મૂળાનો જેમ લાડવા સાથે મેળ છે, તેમ દાળિયા સાથે ખજૂરનો મેળ છે.

હુતાશનીના દિવસે લોકો એકબીજાને ત્યાં ખજૂર ને હારડા ભેટ તરીકે મોકલે છે; નોકર લોકો અને મજૂર લોકો પણ શેઠિયા પાસેથી ખજૂરની ગોઠ માગે છે.

લોકસમૂહ ખજૂરદાળિયાને હુતાશનીના અગ્નિમાં હોમે-ફેંકે છે.



હુતાશનીમાં ખજૂર ખાવાની શરતો ચાલે છે. તમને ડા પહોરનું ગપ્પું લાગશે, પણ અમારા ગામમાં હુતાશની ઉપર એક માણસ ઠળિયાસોતો અધમણ ખજૂર ખાઈ ગયો હતો !

ખજૂરને ઘી સાથે ખાવાનો રિવાજ પૈસાદારોના ઘરમાં છે.

નવાઈની વાત છે કે આરબોએ આણેલ આ ખજૂર ફરાળ તરીકે અપવાસી લોકો વાપરે છે! પણ એ લોકો જવાબ આપશે કે એ તો ફળ છે અને તે ખજૂર ઉપર થાય છે.

આપણે ત્યાં ખજૂરીઓ થાય છે પણ તેના ઉપર ખજૂર થતો-થતી-થતું નથી, કારણ કે આપણો ઉનાળો ખજૂરીને ટૂંકો અને નરમ પડે છે. હવે તમારા ખ્યાલમાં આવે છે કે અરબસ્તાનનો તાપ ને ઉનાળો કેવા સખત હશે?

ખજૂર પહેલાં વહાણમાં બેસીને આપણા દેશમાં આવતો; હવે તે આગબોટમાં બેસીને આવે છે. એડન બંદરેથી લાખો ખાંડી ખજૂર આપણે ત્યાં આવે છે. ડાબલીમાં રાખેલો બહુ મીઠો ને આખી પેશીવાળો મસ્કતી ખજૂર મેં હિન્દી મહાસાગર ઉપર ખાધેલો; સ્ટીમર ઉપરના અમારા આરબ પાડોશીએ મને ચખાડેલો.

તમે ખારેક ખાધી છે; પણ તમે જાણો છો કે એ ખજૂરની માશી નથી પણ ખજૂર પોતે જ છે? ઝાડ

ઉપર એમ ને એમ સુકાવા દીધેલ ખજૂર તે ખારેકો.

ખારેકનો સ્વાદ તો તમે જાણો છે; લગ્નમાં ખારેક વહેંચાય છે તે ય તમે જાણો છો; ખારેકનો પાક થાય છે તે પણ તમે જાણો છો. ત્યારે તમે ખારેક વિષે શું નથી જાણતા કે મારે કંઈ નવું લખવું ?

તમે એ વાત નહિ જાણતા હો કે તમારી સાવરણી કયા ઝાડનાં પાંદડાંની બનેલી છે. એ સાવરણીઓ ખજૂરીનાં પાંદડાંની વચ્ચેની સળીઓની બનેલી છે. ગામડાના લોકો બે જાતની સાવરણીને ઓળખે : એક સુરવાળીની ને બીજી ખજૂરીની. સુરવાળીની સાવરણી ઘાસની થાય છે. સુરવાળી એટલે સુવર્ણ-વર્ણી; સોનાના જેવા રંગના ઘાસવાળી તે સુરવાળી.

ત્યારે હવે આપણે ખજૂરીની વાત પૂરી કરી લઈશું. કાંઈ રહી જતું હોય તો ઉમેરી લેજો.

## ખજૂરાં

ખજૂર આપનારને ખજૂરી કહી ને ખલેલાં આપનારને ખજૂરાં કહ્યાં. કાનખજૂરા એ જીવજંતુ છે, પણ ખજૂરાં એ ઝાડ છે.

છેલ્લી સત્યાગ્રહની લડતમાં મેં ખજૂરાં પહેલવહેલાં જોયાં. ગાંધીજીએ ખજૂરાં કાપી નાખવાનો મોટો કાર્યક્રમ કલ્પ્યો હતો. કેટલાય સ્વયંસેવકો હાથમાં કુહાડીઓ લઈ ખજૂરાં કાપવા ઊતરી પડ્યા હતા. એમાં એક જણ તો કાપતાં કાપતાં ઝાડ પોતાને માથે પડવાથી મરી પણ ગયો ! ગાંધીજી એ છોકરાની મા પાસે ખરખરે ગયા ત્યારે ડોશીએ કહેલું : 'મારો દીકરો તો સારે કામે આવ્યો કે ખજૂરાનું પાપ કાઢતાં એ ખપ આવ્યો !'

ગુજરાતમાં ખજૂરાં મોટું પાપ છે; માટે જ એને મૂળમાંથી કાપી કાઢતાં ભારે મહેનત થયેલી. કેટલાંય ઝાડ કપાઈ ગયાં, છતાં એ પાપ હજી યે પૂરું ઊખડ્યું નથી. ફરી વાર એની સામે લડત ઊપડશે, ત્યારે ફરી વાર

એના ઉપર કુહાડીઓ પડશે ને હવે તો આખર એનો નાશ થશે.

પણ એ પાપ શું છે? પાપ એ છે કે તેના ઝાડમાંથી તાડી નીકળે છે. તમને સમજાશે કે ઝાડોની ટોચ આગળ પાંદડાં નીચે નાનાં નાનાં માટલાં–ઘડિયાં શા માટે મૂકેલાં હોય છે. થડના ભાગને કોતરીને તેમાં પાંદડું ભરાવે છે ને તે પાંદડાં ઉપર થઈ ને ઘડિયામાં થડનો રસ પડે છે.

તાજા રસને નીરો કહે છે. પારસીઓ, દૂબળા ને બીજા કેટલાએક લોકો તાડી પીએ છે. નીરોને તડકે ઊકળવા દે છે ત્યારે તેમાં ખટાશ આવે છે; આ ખાટો થયેલો નીરો તે તાડી બને છે.

ગુજરાતના ખાસ કરીને સુરત જિલ્લામાં ગામડે-ગામડે આ તાડીની મોંકાણ છે, અને એના મોંકાણિયા તાડીનો ઇજારો રાખનારાઓ છે; અને સૌથી છેલ્લે એ મોંકાણિયાના પીરજાદાઓ તો સરકાર માબાપ છે. તેઓ તાડીનો ઇજારો આપે છે.

બિચારા થાકયાપાકયા મજૂર લોકો થાક ઉતારવાના ભ્રમમાં પડી તાડી પીએ છે ને ભજિયાંભૂસું ખાય છે. કમાણીનો અડધો ભાગ કલાલના ગલ્લામાં પડે છે ને જિંદગીનો અડધો ભાગ તાડીના ઘેનમાં બરબાદ થાય છે!

ઠીક થયું છે કે મહાત્માજીએ ખજૂરાં સામે લડત આદરી છે. જ્યારે પૃથ્વી ખજૂરાં વિનાની થઈ જશે ત્યારે



તે વધારે શોભશે. જોકે અત્યારે પૃથ્વી માતા ખજૂરાંથી, મહુડાંથી ને એવાં ઝાડોથી પિડાય છે.

અને એ પીડા કરનાર તો માણસો જ છે. માણસો સારી વસ્તુનો ખરાબ ઉપયોગ કરે છે ને જગતને દુઃખ દે છે. માણસોને તો ભગવાન પણ પહોંચે તેમ નથી!

# તાડ

તાડ એ નાળિયેરી, ખજૂરી ને સોપારીની જાતનું ઝાડ છે એમ કહી શકાય. સોપારી ને નાળિયેરીની પેઠે તેનું થડ ઊંચું વધે છે ને માથે પાંદડાંનું છત્ર ઓઢે છે.

ડુંગરોની તળેટીમાં અને દરિયાને કિનારે તાડની શોભા દૂરથી સુંદર લાગે છે.

વેગથી જતી રેલવેમાં બેસીને જતાં દૂરથી નજીક આવતી તાડોની હાર આંખને જોવી ખરેખર ગમે છે.

તાડ જમીનથી જેટલો ઊંચો છે તેટલો જ જમીનમાં ઊંડો છે. તેનાં મૂળિયાં જમીનમાં ખૂબખૂબ ઊંડે જાય છે અને પવનના સપાટાઓ સામે તાડને ટટાર ઊભો રાખે છે.

તાડનું બી બહુ કઠણ હોય છે, ને વાવ્યા પછી એક વર્ષે ઊગીને તે પાંદડું કાઢે છે; એટલો બધો વખત તે જમીનમાં મૂળ નાખે છે.

તાડને તાડિયાં નામનાં ફળ આવે છે. તેની અંદરથી



નીકળતા ગોળાને લોકો ખાય છે. આ ગોળાને તાડગોળ કહે છે. ખજૂરાંમાંથી કાઢવામાં આવે છે તેમ આમાંથી પણ તાડી કાઢવામાં આવે છે.

તાડ જેટલો ઊંચો છે, એટલાં ઊંચાં બીજાં ઝાડો છે ખરાં, પણ તાડની ઊંચાઈ બહાર પડી જાય છે કારણ કે તેને ડાળો નથી, માત્ર થડ જ છે. ઊંચા ને પાતળા એવા માણસને તાડનો ત્રીજો ભાગ કહેવાય છે. સાચેસાચ માણસ જો તાડનો ત્રીજો ભાગ હોય તો તે ૧૦ થી ૧૩ ફૂટ ઊંચો થાય કારણ કે તાડનું ઝાડ ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે.

તાડની એકથી વધારે જાતો થાય છે. તેમાંથી એક જાતનાં પાંદડાંનો બહુ સારો ઉપયોગ થયેલો છે. એ પાંદડાંને કાપીને તેનાં પુસ્તકનાં પાનાં આગળના લોકો બનાવતા. આ તાડનાં પાંદડાં ઉપર લોઢાથી લખવામાં આવતું. આવાં તાડપત્રો ઉપર લખાયેલ ગ્રંથો એક બે નહિ, પણ હજારો હજી પણ છે. કેટલા ય એવા ગ્રંથો તો બ્રિટિશ મ્યુઝિયમમાં છે; સાહેબ લોકોએ અહીંથી તેમને લંડનભેગા કર્યા છે. પાટણના જૂના જૈન ગ્રંથભંડારોમાં આવાં પુસ્તકો સહેલાઈથી જોવા મળશે.

આ પાંદડાં ઉપર લોકો એટલા માટે લખતા કે ઊધઈ તેને ખાઈ શકે નહિ. પાંદડાં ઉપર બહુ સુંદર ચિત્રો ચીતરતા. સોનેરી ને જાતજાતની શાહીથી રંગેલાં ચિત્રો ને શણગારેલા ને મોતી જેવા અક્ષરો હવે ભાગ્યે જ

લખાશે.

આ તાડપત્રનાં પુસ્તકોને ગ્રંથો કહેવામાં આવે છે. તાડનાં પાંદડાંને કાપીને વચ્ચે કાણું પાડી, એ કાણામાં લખાયેલાં પાંદડાંને દોરીથી પરોવી ઉપરથી ગાંઠ વાળવામાં આવતી, કે પાછાં પાનાં છૂટાં છૂટાં ન થઈ જાય. એ ઉપરથી એનું નામ ગ્રંથ પડ્યું. ગ્રંથિ એટલે ગાંઠ; ને ગ્રંથ એટલે ગાંઠથી બાંધ્યાં છે પાનાં જેનાં એવી ચોપડી.

ડાહ્યા ને સારા લોકોએ તાડનાં પાંદડાંનો આવો સરસ ઉપયોગ કર્યો ને તેમાં સુંદર જ્ઞાનને લખ્યું; જ્યારે મૂરખ લોકોએ તાડના થડમાં ખાડા પાડી તેમાંથી તાડી શોધી ને તે પીને તેઓ ગાંડા બન્યા!

કહે છે કે સ્વર્ગમાં જે સાત ઝાડો છે તેમાં એક ઝાડ તાડનું પણ છે. આપણે એમ કલ્પી શકીએ કે દેવો તાડપત્રો ઉપર દેવતાઈ ગ્રંથો લખતા હશે, ને દાનવો તાડી બનાવીને પીતા હશે!

આ સ્વર્ગનર્કની વાત તો માનવા જેવી નથી, પણ તાડ વિષેની આ કલ્પના સુંદર તો છે જ.

# આંબલી

ભૂતનું ઠેકાણું આંબલી. મેં તો કોઈ દિવસ આંબલી નીચે ભૂત ભાળ્યું નહિ; કોઈ "મેં ભાળ્યું છે." એમ પણ કહેતું નથી. લોકો ગપ્પાં મારે ત્યારે પાયા વિનાનાં ગપ્પાં મારે, એવું આ પણ એક ગપ્પું.

પણ ગપ્પું મારવાનું એક કારણ છે. કેમકે આંબલી એક મોટું ઘટાટોપ ઝાડ છે; જંગી ઝાડ છે. એવા મોટા ઝાડ ઉપર માણસ ચડીને બેસે તો દેખાય પણ નહિ; કેટલા ચે વાંદરાઓ તેમાં ન દેખાય તેમ સમાઈ રહે; પાર વિનાનાં પક્ષીઓનો તે માળો થઈ શકે.

વળી આંબલી ઘણે ઠેકાણે ગામની બહાર, કોઈ કોઈ ઠેકાણે સ્મશાન પાસે, ને કોઈ કોઈ ઠેકાણે કોઈ ન જતું હોય એવા ખાડાટેકરાઓ ઉપર હોય છે. આંબલી બાગનું ઝાડ નથી, જંગલનું ઝાડ છે; છતાં લોકોએ આ ઝાડને પાળેલું છે. આંબલીનો વેપાર ચલાવવા ઝાડનું રક્ષણ કરવામાં આવે છે. તેનો છાંયો મજાનો છે, તેથી

રસ્તાની બંને બાજુએ તેને રોપવામાં આવે છે.

આંબલીનું ઝાડ ઘણું ઊંચું છે. ગુજરાત આંબલીનું પિયર કહેવાય. વરતમાં પણ 'સો આંબા સો આંબલી' છે, એટલે જેટલા આંબા એટલી આંબલી ગુજરાતમાં વખતે મળે. આંબલીનાં પાંદડાં તીરખીઓ ઉપર ઝીણાં ઝીણાં થાય છે. પવનમાં કંપે છે ત્યારે તે જોવા જેવાં લાગે છે. આંબલીનાં ફૂલો રૂપાળાં અને ખાટી ગંધભર્યાં હોય છે. આંબલીના કાતરા વાંકા, ઘણી વાર દાતરડાના આકારના હોય છે. પાકયા પહેલાં કાતરા લીલા હોય છે; પાકયા પછી તપખીરી રંગના થાય છે.

આંબલીનાં પાંદડાં ખાટાં, આંબલીના કાતરા ખાટા, ને આંબલીની હવા ખાટી; પણ આંબલીમાંથી નીકળતા આંબલિયા તૂરા.

આંબલીનો મોટો વેપાર ચાલે છે. ગુજરાત આખામાં દાળમાં, શાકમાં આંબલી નખાય છે. આંબલીનું પાણી ગોળ મેળવી બનાવાય છે તેને આંબલવાણું કહે છે; રોટલી સાથે તે સારું લાગે છે. ઉનાળાનું તે એક ઠંડું પીણું છે. આંબલીથી ઊટકેલાં વાસણો બહુ ઝગારા મારે છે. આંબલી બહુ ખાવાથી સાંધા રહી જાય અને માથું દુખે.

આંબલિયાથી છોકરાંઓ એકીબેકીની રમત રમે છે. આંબલિયા ફોલીને મુખવાસ તરીકે લોકો ખાય છે. આંબલિયો ઘસીને નાની નાની ફોડકીઓ ઉપર ડોશીઓ ચોપડે છે. આંબલિયો પથરા ઉપર ઘસીને, તપાવીને નાનાં



છોકરાંઓ એકબીજાની ચામડીને અડાડી ગમ્મત કરે છે.

આંબલીનું ઝાડ ઉગાડવા જેવું છે. આંબલીના ઝાડ ઉપર ચડવા જેવું છે. આંબલીનાં ફૂલ હાથમાં રાખવા જેવાં છે. આંબલીનાં ફૂલનું પાણી પીવા જેવું છે. આંબલીના આંબલિયાથી રમ્યા જેવું છે.

આંબલી સારી છે; ભગવાને એને ઠીક બનાવી છે.

# રાયણ

ગુજરાત રાયણનું ઘર કહેવાય. કાઠિયાવાડમાં ગીરમાં પણ રાયણો છે. ગુજરાતનાં નાનાં છોકરાંઓએ પણ રાયણ જોઈ હોય, અને કાઠિયાવાડમાં ઘણાંઓની આખી જિંદગી નીકળી જાય તો ય એમણે રાયણનું ઝાડ કદી ન જોયું હોય!

ગુજરાતમાં રાયણની ઋતુ આવે ત્યારે રાયણ ખાઈ ખાઈને લોકો એટલા ધરાઈ જાય કે તેની સામે પણ ન જુએ. રાયણ, રાયણ! અમસ્તી ખાવા રાયણ ને રોટલી સાથે ખાવા પણ રાયણ. ગુજરાતમાં રાયણરોટલીની નાતો થાય. અધધધ, કેટલી બધી રાયણો!

પણ કાઠિયાવાડમાં ગુજરાતની રાયણો આવે છે ખરી. પહેલાં ગાડારસ્તે આવતી અને બધાં ગામે ન પહોંચતી; પણ હવે તો રેલગાડી થઈ એટલે ઢગલાબંધ રાયણો આવી પડે છે અને ગામેગામ રેલાઈ જાય છે. કાઠિયાવાડનાં છોકરાંઓ રાયણનું ઝાડ તો ન ભાળે, પણ રાયણ તો ભાળે.

પહેલાં જ્યારે રાકણો ચારેકોર નહોતી પહોંચતી



ત્યારે રાણકોકડીઓ પહોંચી જતી. રાણકોકડીઓ એટલે સુકાઈ ગયેલી રાયણો. એટલી લીલી રાયણો કોણ ખાય? એટલે ગુજરાતના વેપારીઓ તેને સૂકવે. સુકાયા પછી સૂકા મેવા તરીકે તે વખણાય. અસલ રાણકોકડીનાં ગાડાં આવતાં ને જતાં હશે; ખૂબ આવતાંજતાં હશે.

નાનાં છોકરાંને રાણકોકડીઓ બહુ ભાવે. પહેલાં તો પાઈની પાશેર મળતી, છોકરાં તે ધરાઈને ખાતાં. પછી રાણકોકડીઓનાં ગાડાં ઉપર ખુશી થઈ તેમણે જોડી કાઢયું હશે :—

**"રાણકોકડીનાં ગાડાં આવે છે, જાય છે;**
**રાણકોકડીનાં ગાડાં આવે છે, જાય છે."**

રાણકોકડીને ફરાળ તરીકે પણ વાપરવામાં આવે છે. ગરીબ લોકોને એનું ફરાળ પોસાય છે. 'સોંઘું ભાડું ને સિદ્ધપુરની જાત્રા.'

થોડીએક રાયણો કાઠિયાવાડમાં ચારેકોર ઊગાડીએ તો છોકરાંઓને ખાવાની બહુ મજા પડે. જુગતરામભાઈએ 'રાયણ' નામની કવિતાની ચોપડી કરી છે તે વાંચવાથી છોકરાંને મજા પડે એ ખરી વાત છે; પણ એમાંથી રાયણ જેવો સ્વાદ આવે? જુગતરામભાઈ કાઠિયાવાડના છે; હમણાં તેઓ ગુજરાતમાં રહે છે. ત્યાંથી તેઓ બેચાર રાયણનાં ઝાડો લાવીને પોતાના ગામમાં વાવે તો કેવું સારું! છોકરાં બિચારાં હોંશેહોંશે રાયણો ખાશે ને આશીર્વાદ આપશે.

# ઊમરો

ઊમરો ઘણાં વરસે થયો. એક વાર ઝમઝૂટ વરસાદ આવતો હતો ને રામભાઈ ને હેમુભાઈ ઊમરાનો રોપ લઈ આવ્યા. વરસતા વરસાદે ઊમરો રોપ્યો. રામભાઈ ને હેમુભાઈ તે દિવસે કંઈ રાજી થયા! "ઊમરો રોપ્યો, ઊમરો રોપ્યો." એમ બોલતા જાય, કૂદતા જાય અને નહાતા જાય.

થોડા દિવસ થયા ને ઊમરો ચોંટી ગયો. નમી ગયેલાં પાન ટટ્ટાર થયાં; ઝાંખી ડાળીઓ ચળકવા લાગી; પાંચ દસ નાનાં નાનાં નવાં પાન આવ્યાં. રામભાઈ ને હેમુભાઈએ દોડાદોડ કરી મૂકી.

સૌને ઊમરા પાસે લઈ જાય ને બતાવે: 'જુઓ, આ અમારો ઊમરો. ઊમરે નવાં પાન આવ્યાં છે."

ઊમરો રોજ રોજ વધતો જાય ને નવાં પાન કાઢતો જાય; શ્રાવણનાં સરવડાંમાં નહાતો જાય અને લીલો લીલો



થતો જાય. ચોમાસું ગયું ત્યાં તો ઊમરો હાથ બે હાથ વધી ગયો.

પછી તો શિયાળો આવ્યો. રામભાઈ હેમુભાઈ વખતે વખતે પાણી પાય, ક્યારો કરે, ખાતર નાખે ને નીચલાં પાન ને નીચલી ડાળીઓ કાઢી નાખે. ઊમરો ઉપરથી નવાં પાન કાઢતો જાય ને નીચેનું થડ જાડું થતું જાય. શિયાળો ગયો ત્યાં તો ઊમરાનું થડ વધ્યું, જાડું થયું. ઊમરો નાનું એવું ઝાડ થયું.

પછી એમ થયું કે એનાં પાંદડાં ખરવા લાગ્યાં. એક પાન ખર્યું, બે ખર્યાં ને કેટલાં યે ખર્યાં; લીલોછમ ઊમરો સૂકો લાગવા માંડ્યો; ચળકતો ઊમરો ઝાંખો પડ્યો; ભરેલો ઊમરો ઠૂંઠો દેખાયો.

રામભાઈ કહે: "એ તો પાનખર આવી છે તે પાંદડાં ખરે."

હેમુભાઈ કહે: "તો કાંઈ ફિકર નહિ."

રામભાઈ ને હેમુભાઈ ખરતાં પાંદડાં વાળી લ્યે ક્યાં પાંદડાં ખરી જશે તે જોયા કરે, પણ પાણી તો રોજ પાય.

એક વાર ડાળે ડાળે ઝીણાં ઝીણાં પાંદડાં બેસી ગયેલાં, આમ આઘેથી જોઈએ તો દેખાય નહિ એવાં; જરાક દૂરથી જોઈએ તો જાણે માખીઓ કે મચ્છર બેઠાં.

પણ બેચાર દિવસો ગયા, બીજા છઆઠ દિવસો ગયા ને કૂંપળાં મોટાં થયાં, તગતગવા લાગ્યાં, ને ઊમરો આખો તડકામાં ચળકી રહ્યો. પખવાડિયું મહિનો ગયો

ત્યાં તો ઊમરો હતો તેવો થઈ ગયો. ના, હતો તેથી વધારે થયો; હતો તેથી જાડો થયો; હતો તેથી ભરાવદાર થયો; હતો તેથી રૂડો થયો. વસંતે એને નવો નવો કરી મૂક્યો.

પછી ઉનાળો આવ્યો. તડકા તપ્યા. રામભાઈ ને હેમુભાઈએ ખાતર-પાન દીધા કર્યાં. એકે ડાળખી ન સુકાઈ; એક પાંદડું યે ન લંછાયું. ઊલટો રાત ને દિવસ એ કોળતો જ ગયો.

ઉનાળા પછી ચોમાસું આવ્યું. ચોમાસા પછી શિયાળો ને પાનખર, વસંત ને ઉનાળો; એમ ને એમ આવ્યા જ કર્યાં. ચોમાસે ચોમાસે ઊમરે પાણી પીધું, શિયાળે શિયાળે પોઢો થયો, પાનખરે પાનખરે ઘડપણને કાઢી મૂક્યું, વસંતે વસંતે નવજુવાન થયો, અને ઉનાળે ઉનાળે તપી તપીને તેજસ્વી થયો.

કેટલાં યે વર્ષો વહી ગયાં. આંગણામાં જ ઊમરો મોટું ઝાડ થયું છે. રામભાઈ ને હેમુભાઈ એના ઉપર ચડે છે ને ડાળીઓ ઝુલાવે છે. નાનાં છોકરાંને ઊમરાં પાડી આપે છે, ને પોતે પાકાં પાકાં ઊમરાં ખાય છે.

રાત પડે છે ને કેટલાં ય પક્ષીઓ ઊમરાને ઊમરે આવે છે ને રાત રહે છે. દિવસ પડતાં કેટલાં ય પક્ષીઓ આવે છે ને ઊમરાંને ખાધા કરે છે. ઊમરો પક્ષીઓનો ચબૂતરો થયો છે. પોપટનો પાર નથી. સૂડા ને કોયલ પણ આવે છે. જેને ઊમરાં ભાવે એ બધાં પક્ષીઓ ત્યાં આવે છે.



એક વાર ઊમરો વેંત જેવડો હતો; વેંતમાંથી હાથ, હાથમાંથી ગજ, ગજમાંથી માથોડું ને માથોડામાંથી વાંસ જેવડો ઊમરો થયો.

ઊમરો ઊંચો થયો ને રામભાઈ નીચા રહ્યા. નીચે ઊભાં ઊભાં પાંદડાંને અડી ય ન શકાય. એક વાર ઊમરો રામભાઈ, હેમુભાઈથી નીચો હતો; હમણાં ઊમરાથી નીચા રામભાઈ ને હેમુભાઈ છે.

રામભાઈ હેમુભાઈએ ઊમરાને પાણી પાયું, ખાતર નાખ્યું; ઊમરો સૌને છાંયો આપે છે, ઊમરાં આપે છે.

અમારા આંગણામાં ઊમરો છે. રામભાઈ ને હેમુભાઈએ એક દિવસ એ આણેલો ને રોપેલો.

# મહુડો

અમારા ગામમાં દારૂની ભઠ્ઠી હતી. છેક નાનપણમાં સાંભળેલું કે ત્યાં મહુડાંમાંથી દારૂ કાઢે છે. તે વખતે મહુડાં કેવાં હશે અને ક્યાં થતાં હશે તેની ખબર નહિ.

પછી તો એક વાર ગુજરાતમાં ગયો અને મામાને ત્યાં મહુડાં ચાખ્યાં. મને થયું : "વાત સાચી કે મહુડાં-માંથી દારૂ નીકળતો હશે." મારું અનુમાન છે કે મહુડાંનો દારૂ ગળ્યો થતો હશે.'

ગમ્મત એ છે કે હજી પણ મેં મહુડાનું ઝાડ જોયું નથી. પણ મારા મિત્ર કહે છે કે તેમણે તે જોયું છે. ત્યારે તેમના કહેવા ઉપરથી તેમ જ ચોપડીમાંથી જોઈને હું મહુડાંની વાત લખીશ.

ગુજરાતમાં મહુડાંનાં ઝાડ ઘણાં, ને ત્યાં તેમાંથી દારૂ પણ બહુ બને છે.

મહુડાં એટલે મહુડાનાં ફૂલ; ને એમાંથી જ દારૂ નીકળે છે. એક ચોપડીમાં લખ્યું છે કે "મહુડાંનો દારૂ



પીને લોકો બોકડા જેવા ગાંડા થાય છે." ગરીબ લોકો મહુડાંનાં ફૂલ ખાય છે, કેમકે તે ગળ્યાં લાગે છે.

મહુડાનું ઝાડ મોટું થાય છે અને મારા મિત્ર કહે છે કે તેનાં પાંદડાં કાંઈક ખાખરાનાં જેવાં મોટાં અને જાડાં થાય છે. મારું ચોક્કસ માનવું છે કે બ્રાહ્મણો આ મહુડાનાં પાંદડાંના પત્રાવળામાં લાડવા નહિ જમે.

એક વાર મારો મિત્ર અને એક નાગર ગૃહસ્થ મહુડાના ઝાડ પાસેથી નીકળ્યા. નાગરભાઈ કહે: "આપણાથી એનાં ફૂલ ન ખવાય, કેમકે એમાંથી દારૂ થાય છે." મહુડાનું ઝાડ જોવા તે ઊભા પણ ન રહ્યા. આમ બિચારા મહુડાનો બહિષ્કાર કરવો ઠીક નથી. ઝાડોમાંનું એ પણ એક ઝાડ છે; બહિષ્કાર કરવો હોય તો આપણે દારૂ બનાવનાર અને પીનારનો કરવો ઘટે છે.

ફરી ફરીને મને મારા ગામમાં દારૂની ભઠ્ઠી હતી, અને અમે ત્યાંથી નીકળતા ત્યારે નાક આગળ ડૂચો દેતા, તે યાદ આવે છે. પણ એ બહિષ્કાર પણ બરાબર ન કહેવાય. કેટલાએક લોકો કહે છે કે મહુડાનાં ઝાડોનો જ નાશ કરીએ; કેટલાએક ભઠ્ઠીઓને સળગાવી દેવાની વાત કરે છે; કેટલાએક કહે છે કે પીનારા અને પાનારાઓનો હૃદયપલટો કરીએ. આ છેલ્લી રીત ગાંધીજીની છે અને તે સુંદર છે.

આપણને એમ લાગી જાય કે ત્યારે શું મહુડો માત્ર દારૂ માટે જ છે? ના, મહુડાની પણ દવા બને છે. સૌથી

સારી દવા એ છે કે એના ફળનાં બિયાં પાણીમાં ઘસીને આંજવાથી સાપનું ઝેર ઊતરી જાય છે.

વાત ધ્યાન ખેંચે એવી છે. એનો રસ પીવાથી માણસને ઘેન ચડે છે અને એનાં બિયાં સાપનું ઘેર–ઝેર ઉતારે છે !

# ખાખરો

ખાખરો એટલે પ્રશ્નોરા નાગર ગૃહસ્થોનાં બાળકો સવારે ઊઠીને દૂધમાં બાંધીને કરેલી ટાઢી રોટલી ખાય છે તે નહિ. ખાખરો એટલે ચૂરમું બનાવવા માટે બ્રાહ્મણો ઘઉંના લોટની મોટી જાડી બાટી બનાવે છે તે પણ નહિ. ખાખરો એટલે માર પણ નહિ. પરંતુ ખાખરો એટલે એક જાતનું ઝાડ.

ખાખરાનું સંસ્કૃત નામ છે પલાશ. ઋષિમુનિઓ આ પલાશ એટલે ખાખરાનાં પાતળાં લાકડાંની સમિધ કરતા. સમિધ એટલે યજ્ઞકુંડમાં હોમવાનાં લાકડાં. હજી પણ યજ્ઞ કરનારાઓ ખાખરાની સમિધ એકઠી કરે છે અને યજ્ઞકુંડમાં હોમે છે.

બ્રાહ્મણોનાં બાળકોને જનોઈ દે છે ત્યારે ખાખરાની ડાળીનો દંડ કરે છે, ને તે દંડ ઉપર ભિક્ષા બાંધે છે. સંન્યાસીઓ પણ ખાખરાની ડાળીનો દંડ ધારણ કરે છે.

ખાખરાનું ઝાડ નહિ બહુ ઊંચું, નહિ બહુ નીચું,

એવું થાય છે. ઝાડનાં પાંદડાં ગૂંદાનાં પાંદડાં જેવાં અને જેવડાં થાય છે. બ્રાહ્મણો ખાખરાનાં અને ગૂંદાનાં પાંદડાંનાં પડિયાપતરાવાળાં કરે છે, ને તેમાં લાડુ જમે છે.

ખાખરાનું ઝાડ રૂપાળું નથી પણ તેનાં ફૂલ બહુ રૂપાળાં છે. ખાખરાનાં ફૂલ એટલે કેસૂડાં.

જ્યારે ખાખરા ઉપર કેસૂડાં આવે છે ત્યારે ખાખરાની સુરત બદલાઈ જાય છે. કેસરી રંગનાં ફૂલોથી ખાખરો ઢંકાઈ જાય છે. જાણે કેસરી વાઘા સજેલો કોઈ રસિયો! સૂરજના તડકામાં દૂરથી કેસૂડાં એવાં લોભામણાં લાગે છે કે પાસે ગયા વિના અને લીધા વિના રહેવાય જ નહિ.

અને કેવાં સુંદર એ ફૂલો! જોતાં આંખો ધરાય જ નહિ. અને એની કળીઓ! જાણે મખમલની બનેલી! ફૂલોની ઘેરી લીલી કાળી પાંખડીઓ અને કળીઓ કેસૂડાંને બમણો શણગારે છે; કેસરિયા રંગને બમણો દિપાવે છે. એની મખમલ જેવી સુંવાળપ જાણે છેક નાનાં છોકરાંની આંગળીઓ અને હથેળીઓ! નાનાં છોકરાંઓ તો એના ઉપર હાથ ફેરવી ફેરવીને થાકે જ નહિ. કેસૂડાંને પાણીમાં નાખીએ તો પાણી કેસરી રંગનું થાય. છોકરાંઓ કેસૂડાંના પાણીમાં કપડાં રંગી કેસરિયાં કરે છે. હોળીમાં છોકરાંઓ કેસૂડાંનું પાણી એકબીજા પર છાંટીને મજા કરે છે. હોળીટાણે હવેલીઓમાં કેસૂડાંના પાણીની પિચકારીઓ ઉડાડે છે. કેસૂડાંના પાણીથી છેક નાના બાળકને નવરાવવાથી તેને ગરમી લાગતી નથી. રજપૂતો કેસરિયાં કરતા એટલે કે



તેઓ લડવા અને મરવા માટે આખરના નીકળી જતા, તે વખતે તેઓ કેસૂડાંના પાણીથી કપડાં કેસરિયાં કરતા હશે. કેસરી વાઘા સજીને વરરાજા જેવા બનીને તેઓ મેદાને પડતા હશે. કેસરીસિંહ એમ આપણે કહીએ છીએ તેનો અર્થ એવો તો નહિ હોય કે તેનો રંગ કેસરી–કેસૂડાંના પાણી જેવો છે? કોણ જાણે. જેમ હોય તેમ ખરું. કોઈ કોઈ ઠેકાણે ખાખરાનાં વન હોય છે. જ્યારે એ વનના ખાખરા ઉપર કેસૂડાં બેસે છે ત્યારે વનવગડો કેસરી ફૂલબાગ બની રહે છે. વનની સઘળી શોભા ખાખરા ઉપર આવીને વસે છે, એટલું બધું એ રળિયામણું લાગે છે.

# બી લી

દેવોને જેમ જાતજાતનાં ફૂલોનો શોખ છે તેમ જ તેમને પાંદડાંઓનો પણ શોખ છે. શંકરનું પ્રિય પાંદડું બીલીપત્ર છે.

બ્રાહ્મણો બહુ ભાવથી ભોળાનાથ ઉપર બીલીનાં પાંદડાં ચડાવે છે. બીલીનાં પત્રનો અભિષેક થાય છે; એક મંત્ર બોલાય અને એક પાંદડું ચડાવાય. શંકરે તેને પોતાનું કર્યું તેથી બીલીનું ઝાડ પવિત્ર મનાય છે.

બીલીનાં પાંદડાં અજાણપણે પણ શંકર ઉપર પડી જાય તોપણ જેનાથી તે પડે તેને અભિષેકનું પુણ્ય મળે છે. પુરાણમાં વ્યાધ અને હરણાંની કથામાં બીલીના અભિષેકનો મહિમા છે.

મેં અને મારા મિત્રોએ શંકરબાપા ઉપર બીલીનાં પાંદડાં ઠીકઠીક ચડાવ્યાં છે. બીલીનાં પાંદડાં તીરખીએ ત્રણને ઝૂમખે થાય છે, અને તે ઉપરથી જ તે ઓળખાય છે. કોઈક જ વાર બીલીપત્ર પાંચ પાંદડે મળે છે, એ



બાજુએ બે અને વચ્ચે એક. એનો મહિમા વળી વધારે છે.

આપણે કહી શકીએ કે બીલીનાં પાંદડાંની ગોઠવણ કલાયુક્ત છે.

બીલીનું ઝાડ સાધારણ રીતે રાયણ જેવડું થાય છે. તેનો છાંયો શીળો અને ઘટ્ટ હોય છે. બીલીના વૃક્ષ નીચે બિરાજતા શંકરને બીલેશ્વર કહે છે.

બીલીના ફળને બીલાં કહે છે. બીલાંથી છોકરાંઓ રમે છે અને તેને પથરા ઉપર પછાડીને ફોડવામાં આનંદ લે છે. પાકેલાં બીલાંનો સ્વાદ ગળચટ્ટો લાગે છે. ગામડાંનાં છોકરાઓ તે ખાય છે.

બીલીનો ગર્ભ વૈદલોકો ઝાડા ઉપર ઔષધ તરીકે વાપરે છે.

બીલી વિષે વધારે માહિતી લેખકને નથી; પણ જો વધારે મળશે તો બીજી આવૃત્તિમાં તે ખુશીથી લખશે.

# અરણિ

નાનપણમાં જોયેલું ભૂંસાતું નથી. અમારા ગામની પોસ્ટ ઑફિસના ચોગાનમાં અરણિનું ઝાડ હતું.

એક વાર મેં એક માણસને મૂંગો મૂંગો તેનાં સૂકાં ડાંખળાંને તોડતો જોયો. મેં તેને બોલાવ્યો; પણ તે બોલ્યો નહિ. પાછળથી મને માલૂમ પડ્યું કે એ પોતાના છોકરાના ગળામાં ડાળખાંની માળા કરી પહેરાવવા માટે તે લેતો હતો. વાંચનારને આ વાત વિચિત્ર લાગશે; મૂંગાં મૂંગાં અરણિ લેવાનું સમજાશે નહિ. પણ તમે જાણજો કે હજી પણ લોકોમાં વહેમો ઘણા ચાલે છે; અને મૂંગા મૂંગા દવાનાં ડાંખળાં લેવાં એ પણ એક વહેમ જ હોય.

જોકે આપણા જૂના વૈદકશાસ્ત્રમાં તો અમુક ઔષધિ મૂંગાં મૂંગાં લેવી એવું પણ લખેલું છે. કોઈ સારા જૂના વૈદને પૂછજો; વખતે કાંઈ વાજબી કારણ નીકળે!

અરણિના ઘણા ઉપયોગ છે, પણ તેમાં બહુ કામનો



ઉપયોગ એ છે કે વાઘ કરડે ત્યારે અરણિનો પાલો મીઠું નાખી વાટીને બાંધવો. દવા તો સારી છે અને સાચી પણ હશે; પણ મુશ્કેલી એ છે કે વાઘ અને અરણિ એ બે નજીક નજીક રહેતાં હોય તો જ દવા થઈ શકે!

સીમમાં હોઈએ ત્યારે અરિણનાં ફૂલોથી મઘમઘેલી સીમ નાકને આનંદ આપશે. બારડોલીમાં ફરતી વખતે ગુજરાતનાં ફળદ્રુપ ખેતરોની વાડે ઊભેલી અરણિનાં ફૂલોની સુવાસ અમને બહુ મળી હતી.

એક વાર અમે ગાડામાં બેસી એક જગાએથી બીજી જગાએ જતા હતા. ધીમે ધીમે ઊગતો ચાંદો પૃથ્વી ઉપર અજવાળું અને વાડે ઊભેલી અરણિ ધીમે ધીમે સુવાસ ફેલાવતાં હતાં.

અરણિનાં ફૂલ પાંચ પાંખડીનાં, બહારથી ઢાંકણથી ઢંકાયેલ હોય છે. તેમાં પુંકેસર અને સ્ત્રીકેસર હોય છે.

અરણિ વિષે આટલી વિગત હું માંડમાંડ જાણું છું તો પછી વિશેષ તમને ક્યાંથી કહું? એ તો અમે ગામડામાં રહેતા એટલે ઝાડની કંઈક ખબર; બાકી તમે જેઓ શહેરમાં રહેતા હશો તેમણે તો અરણિનું નામ પણ નહિ સાંભળ્યું હોય.

પણ તમારા ઘરમાં કોઈ સંસ્કૃત ભણ્યા હોય તો એમને પૂછશો તો ખબર પડશે કે અરણિને સંસ્કૃત ભાષામાં અગ્નિમંત કહે છે

અસલના વખતમાં દીવસળી નહોતી; અને ચકમક

પણ કોણ જાણે લોકોને હાથ આવ્યો હોય તો! એ જૂના વખતના લોકો અરણિનાં બે લાકડાંને ઘસીને તેમાંથી અગ્નિ પેદા કરતા! હજી પણ અરણિમાંથી ઉત્પન્ન કરેલો અગ્નિ પવિત્ર મનાય છે. યજ્ઞના કામમાં આરંભ વખતે યજમાન પાસે અરણિનાં લાકડાં ઘસાવી અગ્નિ ઉત્પન્ન કરાવે છે. ખેરનાં લાકડાંમાંથી પણ અગ્નિ પેદા કરી શકાય છે; એનો અગ્નિ પણ પવિત્ર લેખાય છે. અરણિ, ખેર, ખીજડો, પીંપળો, આકડો અને ખાખરો, એનાં લાકડાંને યજ્ઞકામમાં સમિધરૂપે અગ્નિહોત્રી બ્રાહ્મણો વાપરે છે.

# આમળી

એક હતું ઝાડ; એનું નામ પછી કહીશ. એ ઝાડ ઊંચું હતું; એનાં પાન ખીજડાનાં પાન જેવાં હતાં.

દિવાળી ગઈ ને કારતક મહિનો બેઠો. આમળી ઉપર નાનાં નાનાં આંબળાં આવ્યાં, ને થોડા દિવસમાં મોટાં થયાં.

ઝાડે ઝાડે આંબળાં વીણનાર પહોંચ્યા ને ટોપલેટોપલા ભરી આંબળાં બજારે લાવ્યા.

"લેવાં છે કોઈને ધોળાં મોટાં આંબળાં?"

એક જણ આવ્યો ને શેર આંબળાં લીધાં; બીજો જણ આવ્યો ને બશેર લીધાં; ગાડીમાંથી વાણિયો ઊતર્યો ને પાંચ શેર આંબળાં ખરીદ્યાં; મોટરમાંથી કોક મોટું માણસ ઊતર્યું ને બધાં ય આંબળાં ખરીદી લીધાં.

બેચાર પગે ચાલતા સાધારણ માણસો આવ્યા ને આંબળા માગ્યાં. આંબળાંવાળાએ કહ્યું : "ભાઈ! આજ તો આંબળાં ખપી ગયાં; પેલા મોટરવાળાએ બધાં લઈ

લીધાં. કાલે આવજો; કાલે લાવવાનો છું."

આંબળાં ખરીદાઈને કેટલે ય ઘરે પહોંચી ગયાં એક ઘરે એનું શાક કર્યું; કાચી કેરીનું શાક થાય એમ આંબળાંનું પણ શાક કર્યું. આંબળાંને બફાવું પડ્યું, વઘારમાં વઘારાવું પડ્યું અને પછી મીઠુંમરચું વગેરે મશાલાથી મશાલાવું પડ્યું. હોંશેહોંશે આંબળાંના શાકને ઘરના બધા લોકોએ ખાધું.

બીજા ઘરમાં આંબળાનો મુરબ્બો થવા લાગ્યો. ચાસણીમાં બાફેલાં આંબળાંને નાખ્યાં, અને ખાટાં આંબળાંને ગળ્યાં બનાવ્યાં. જરા જરા તાજા મુરબ્બાને ચાખી બાકીનો મુરબ્બો શેઠાણીએ કાચની બરણીમાં ભરાવ્યો. શેઠાણી કહે : "જરા ગળશે, એટલે પછી છોકરાંઓને ખવરાવશું."

ત્રીજા ઘરમાં આંબળાંની ત્રીજી દશા થઈ. એ ઘર જીવન બનાવનારનું હતું. જાતજાતની દવાઓ સાથે આંબળાંને મેળવી તેનું 'આંબળાંનું જીવન' બનાવ્યું ને વેચવા માટે બાટલીઓમાં ભર્યું. બાટલીઓ ઉપર ચિઠ્ઠી મારી : "શુદ્ધ આંબળાંનું જીવન."

એક જ જંગલનાં આંબળા અને ઝાડઝાડનાં આંબળાં ટોપલામાં ભેગાં થયાં હતાં ને ભેગાં બેઠાં આરામ કરતાં હતાં; ત્યાંથી તે છૂટાં પડ્યાં ને જાતજાતની દશા પામ્યાં.

પણ હજી એની વાત અધૂરી છે. ચોથું ઘર વૈદનું હતું. વૈદે આંબળાંને સૂકવ્યાં. સૂકાં આંબળાંને ખાંડીને ભૂકો કર્યો ને 'આંબળાંનો અવલેહ' બનાવ્યો.



પણ નાનાં નાનાં સૂકાં આંબળાંના તો માત્ર કટકા જ કર્યા ને ઘણા દિવસ સુધી તે વૈદનાં છોકરાંએ મુખવાસ તરીકે ખાધા.

લીલું આંબળું કે સૂકું આંબળું ખાધા પછી પાણી પીવાની મજા પડે છે. પાણી મીઠુંમીઠું ને ગળ્યું ગળ્યું લાગે છે. છોકરાંઓને તો આવું જ ગમે, એટલે આંબળાં ખાતાં જાય ને પાણી પીતાં જાય.

વૈદરાજે સૂકાં આંબળાંનો ભૂકો કરાવ્યો ને હરડાં ને બહેડાંના ભૂકા સાથે સરખે ભાગે મેળવીને ત્રિફળાં બનાવ્યાં. ત્રિફળાં એટલે ત્રણ જાતનાં ફળ.

વૈદની દુકાને કોઈ આવ્યું ને ત્રિફળાં માગ્યાં. ત્રિફળાંને પાણીમાં પલાળી રાત આખી રાખી બીજે દિવસે ગળેલ પાણીને આંખ ઉપર છાંટ્યું. એ બિચારાની આંખો નબળી હતી.

આંબળાંનું ઝાડ હતું; આપણા દેશમાં થતું હતું. વરસે વરસે શિયાળો આવતો હતો; ઝાડે ઝાડે આંબળાં થતાં હતાં અને આંબળે આંબળે એનું નસીબ માંડ્યું હતું. એક ઉપર મુરબ્બો, બીજા ઉપર શાક, ત્રીજા ઉપર જીવન, ચોથા ઉપર આંખે છંટાવું, ને પાંચમાં ઉપર મુખવાસ.

# બહેડાં

બોરડી કરતાં બાવળ ઊંચો ને બાવળ કરતાં આંબલી ઊંચી. પણ આંબલી કરતાં ને ઘણાં ઘણાં ઝાડ કરતાં બહેડાનું ઝાડ ઘણું જ ઊંચું.

પણ ઝાડ ઊંચું એટલે ફળ ઊંચાં એવું કાંઈ નથી. લાંબો તો તાડે ય થાય છે પણ ઉપરથી તાડિયાં ખેરે છે; ભલે આંબો નીચો થાય છે, પણ ઉનાળે ઉનાળે મીઠી ને મધુરી કેરી જમાડે છે.

તો ય ઊંચા ઝાડનો મહિમા તો છે. આપણે પેલા રૂપાળાં શીંગડાંવાળા સાબર જેવા ન થવું જોઈએ. પગ કામના છે, પણ શીંગડાં ય કાંઈ નકામાં નહિ હોય. આંબો ફળ આપે છે; પણ પાંચ ઝાડ એવાં ય જોઈએ ને, કે જે ઘટાદાર હોય, જે જંગલની શોભારૂપ હોય, જે જંગલમાં ચંદરવારૂપ હોય, ને બીજા છોડ નાના હોય ત્યાં સુધી બહુ તડકામાંથી જે તેમને બચાવતાં હોય.

ઊંચા ઝાડે ચડીને કહો જોઈએ કેટલે બધે દૂર



સુધી દેખી શકાય ? મિનારો ચણવા બેસવું પડે એના કરતાં બહેડા ઉપર ચડી આકાશ સાથે વાતો કરવી શી ખોટી ? સાત માળની હવેલીએ ચડીને મુંબઈ જોવા કરતાં બહેડા ઉપર ચડીને આખી સીમ ને જંગલ જોવામાં મજા છે. કોઈ વાર જંગલના ગોવાળિયા મળે તો પૂછજો : “ અલ્યા બહેડાના ઝાડે ચડવું કેવું મજાનું ? ”

એમ સાવ કાંઈ બહેડાં કાઢી નાખવા જેવાં નથી. બહેડાંને ફળ આવે છે અને પાકીને નીચે પડે છે ત્યારે ઢગલેઢગલા થાય છે.

વૈદોની ચોપડીમાં જુઓ તો ખબર પડે કે બહેડો કેટલો ઉપયોગી છે. ખૂબખૂબ ખાધાથી માંદા પડીએ એ ચીજો સારી, કે જુદા જુદા રોગોને મટાડે એ ચીજો સારી ?

તમે કહેશો કે રોગોને મટાડે તે ચીજો સારી. પણ હું કહીશ કે ખૂબ ખૂબ ખાઈએ ત્યારે રોગ થાય ને ? રોગ કરે ય નહિ ને મટાડે ય નહિ તે ચીજો શી ખોટી ?

પણ આપણે તો બહેડો કેટલો બધો કામનો છે તેની વાત કરતા હતા. ઉપર તો જરા આડી વાત થઈ ગઈ. કોઈ વાર વાત કરતાં એમ પણ થઈ જાય. લખનાર પણ માણસ છે ને ! આડુંઅવળું ન લખે ?

ત્યારે બહેડાંની દવાઓ સાંભળો. એક તો તમે જાણતા હશો કે આંબળાં ને હરડાં સાથે બહેડાંને પલાળી તેનું પાણી આંખે છંટાય. બાકી બહેડું કફ ઉપર કામ આવે, ઉધરસ ઉપર કામ આવે, ઢોરોને વાગ્યું હોય તેના

ઉપર આવે; એમ બહુ કામમાં આવે.

એમ ન સમજતા કે આંબળાનો જ મુરબ્બો થાય છે. બહેડાંનો પણ મુરબ્બો થાય છે ને તે આંબળાંના મુરબ્બાની પેઠે જ.

માણસો કાંઈ મોળાં નથી. કુદરતની અનેક ચીજોનો તેમણે જાતજાતનો ઉપયોગ કર્યો છે. અને આ ઉપયોગ શોધતાં કેટલી બધી વાર લાગી હશે? ને કેટલા બધા પ્રયોગો કર્યા હશે? ને કેટલો બધો ગોટાળો થયો હશે? એ તો હવે ફરી આપણે આંબળાં ને બહેડાં લઈએ ને મુરબ્બા બનાવીએ ને ખાઈએ.

જૂના લોકોએ બહુ શોધી રાખ્યું લાગે છે. આપણે તેમનો ઉપકાર માનીએ તો?

## કોકમ

માણસો દાળમાં કોકમ નાખે છે તે તમે જાણો છો.

કોકમનો સ્વાદ અને રંગ કેવો છે તે તમે જાણો છો.

શિયાળામાં હાથપગની ચામડી અને હોઠ ફાટી જાય છે ત્યારે ધોળું કોકમનું ઘી તમે લગાડતા હશો; જો કે હાલના સુધરેલા જમાનામાં ઘણા લોકો કોકમના ઘીના બદલે વેસેલાઈન લગાડે છે.

કોઈ સારો ભૂગોળ ભણાવનાર હશે તો તમને એમ ભણાવશે કે કોકમ કોંકણ અને કર્ણાટક દેશમાં ઘણાં થાય છે.

કોંકણ અને કર્ણાટકના છોકરાઓ કહેશે કે અમે રાતાં કોકમ ખાધેલાં છે, અંદરનું પાણી પીધેલું છે, એનાં બિયાંમાંથી મીણ જેવું જાડું ને ધોળું તેલ કાઢેલું છે.

છાશને બદલે તમારી ડાહી બા કોકમની કઢી કોઈ કોઈ વાર કરતી હશે, અને તમે તે ખાધી હશે.

દક્ષિણી લોકોને ઘેર જાવ ત્યારે કહેજો કે " અમને

કોકમનું સાર બનાવીને ચખાડો ને?" કોકમનું સાર મીઠું થાય છે.

બીજી ચટણીઓ વેચવાવાળા દુકાનદારો હાલમાં કોકમની ચટણી બનાવે છે; ચેવડા સાથે એની ચટણી મીઠી લાગે છે.

કહો હવે કોકમ વિષે શું બાકી રહ્યું?

હા, થોડીએક વાત કહી ગઈ. ગુજરાતમાં કે કાઠિયાવાડમાં ક્યાં યે કોકમનાં ઝાડની તમને ખબર છે?

તમે ગુજરાતી હશો તો જાણતા હશો કે તમે કોકમને બદલે આંબલી ખાઓ છો; ગુજરાતમાં આંબલીનાં ઝાડનો કોઈ પાર નથી. કાઠિયાવાડમાં હશો તો અનુભવ હશે કે ક્યાંક જ આંબલી વપરાય છે; અને મોટે ભાગે તો કોકમ જ વપરાય છે.

કોંકણ કોકમનાં ઝાડ ઉગાડે તે કાઠિયાવાડ કોકમની છાલ ખાય!

# કોઠી

ઉમ્મરને નાના નાના ગોળાઓ ટાંગે તેમ કયા ઝાડ ઉપર એનાં ગોળ ફળો લટકી રહેલાં હોય છે?

ત્યારે કયા ઝાડનું ફળ કાચું હોય તો ખાટું ને પાકું હોય તો ખટમધુરું લાગે છે?

કયા ઝાડના ફળના અંદરના ગરની મધુર મીઠી ચટણી થાય છે?

ત્યારે કયું ફળ આખું ને આખું દેવતામાં નાખી શેકે તો ફડાક કરતું ફાટે ને અંદરનો ગર છોકરાં ખાઈ જાય?

ત્યારે કયા ઝાડનાં પાકેલાં ફળનો મુરબ્બો થાય? ને પાકાં ફળનું સાર ને ચટણી થાય?

આનો મને જવાબ આપશો? આ ફળવાળું ઝાડ દક્ષિણ ને ગુજરાતમાં થાય છે; એની ચટણી તમે ખાધી છે; એને તમે જોયું છે; શાકપીઠમાં એનાં ફળ મળે છે; બે અક્ષરનું એનું નામ છે. પહેલા બે અક્ષરનો કાનો માત્રા ટૂંકા કરી બોલીએ તો દાણા ભરવાની કોઠી થાય છે.

વરતી જાઓ જોઈએ?

## સરુ

તમે કોઈ વાર ઊંચું ઊંચું સીધું સીધું જાણે આકાશ સુધી વધેલું અને લીલુંછમ એવું ઝાડ કોઈ બાગમાં જોયું હોય તો તે સરુનું ઝાડ છે એમ સમજવું.

તમે દિલરુબા કે સારંગી વગાડનારને કામઠીના ઉપર પીળો કટકો ઘસતાં જોયો છે? એ કટકાને બેરજો કહે છે. એ સરુ ઝાડના દૂધમાંથી બને છે.

કેટલાએક લોકો સરુને પીળા બેરજાનું ઝાડ કહે છે. એનું બીજું નામ હિંદીમાં ધૂપસરલ છે. એનું દૂધ અગ્નિ ઉપર નાખવાથી ધૂપ જેવી સુગંધ આવે છે.

તમારે માથેથી કોઈ વાર વાળ ચાલ્યા જાય તો સરુનાં પાંદડાં પાણીમાં વાટીને ચોપડવાં, એમ એક ચોપડીમાં લખેલું છે. તમે તો નાનાં છો એટલે તમારા વાળ તો ભાગ્યે જ જાય પણ તમારા દાદાને માથે તાલ પડી હોય તો તેમને આ વાત કહેજો.

સરુનું ઝાડ બાગની શોભા છે. કોઈ સારા બાગમાં જઈ તેને શોધી કાઢજો.

## જાળ્ય

ઘણા થોડા માણસો આ ઝાડને ઓળખે છે. જાળ્ય ખાસ કરીને કાઠિયાવાડના ભાલમાં અને ક્યાંઈક ક્યાંઈક ખેડા જિલ્લામાં થાય છે.

જાળ્યનું ઝાડ ઘણું પુરાતન છે, એવું પુરાણ વાંચવાવાળા કહે છે.

ભીમે માટીની લોટી ફોડી નાખી ને નીચેથી શંકર નીકળ્યા, તે વાત મહાભારતના સમયની કહેવાય.

ભીમ ભોળો ગણાય છે. તે શંકરનો ભક્ત હતો. શંકરને પૂજ્યા વિના તેને અન્ન ખપતું નહિ. ભોળે ભાવે શંકરને નામે ગમે તે પથરાને પૂજતો. ભગવાન શંકર પણ તેની ખરા અંતઃકરણની ભક્તિ સમજતા હશે.

એક દિવસ અર્જુને તેની મશ્કરી કરી: "જો પેલી જાળ્ય નીચે શંકર છે." દિશાએ જઈ આવેલી માટીની લોટીને અર્જુને ઊંધી વાળેલી ને તેના ઉપર બીલીપત્ર ચડાવેલાં હતાં.

ભીમે ભક્તિથી લોટીની પૂજા કરી; શંકર માની પગે લાગ્યો.

અર્જુને વાત ઉઘાડી પાડી. ભીમને સૌ હસવા લાગ્યા.

ભીમે કહ્યું : "ના, મેં શંકર જ પૂજ્યા છે. મારા મનમાં શંકર જ દેખાયા છે. ચાલો, લોટી છે કે શંકર તે બતાવું."

અર્જુન અને બીજા ભાઈઓ સાથે ભીમ જાળ્યના ઝાડ નીચે આવ્યો.

અર્જુને બીલીનાં પાંદડાં કાઢી નાખ્યાં, સહદેવે હસીને કહ્યું : "જુઓ ભીમ! આ તો લોટી છે."

નકુળે કહ્યું : "એ તો મેં ઊંધી વાળી હતી. હું દિશાએ લઈ ગયો હતો."

ભીમે આંખ બંધ કરી. તેની આંખ આગળ લોટીને બદલે શંકર જ દેખાતા હતા. તેણે કહ્યું : "એ લોટી નથી, શંકર છે."

"ના, ના." કહી સૌ ભીમને ચીડવવા લાગ્યા.

ભીમે સામેથી ખિજાઈને ગેડીનો લોટી ઉપર ઘા કર્યો. ત્યાં તો નીચેથી દૂધની ધારાઓ છૂટી અને શંકરનું સુંદર બાણ દેખાયું. સૌ બાણને અને ભીમને નમી પડ્યા.

તે દિવસથી એ શંકરનું નામ ભીમનાથ પડ્યું. બરવાળાની પેલી પાર ભીમનાથ નામના મહાદેવ છે. જાળ્યની જગ્યા નીચે તેનો વાસ છે. દર વર્ષે ત્યાં મેળો ભરાય છે. ભીમની ભક્તિએ માટીની લોટીને અને જાળ્યના



ઝાડને પ્રસિદ્ધ કર્યાં છે. અમર કર્યાં છે.

જાળ્ય કાંટા વિનાનું ઝાડ છે; તેનાં પાંદડાં લીલાંછમ રહે છે; તેનો છાંયો ઘટ્ટ હોય છે. પણ જાળ્યનું ઝાડ વડ જેવું વિશાળ નથી એટલે છાંયાનો ઘેરાવો ઓછો હોય છે.

તોપણ ઝાડ નીચે બેપાંચ ગાયો બેસે છે. જાળ્ય ઉપર બેઠેલો ગોવાળિયો દૂરનાં ઝાંઝવાનાં જળ જોતો જોતો બપોર વિતાવે છે.

પીલુટાણે કહે છે કે કોયલની ચાંચ પાકે. પીલુટાણે એટલે વસંત–ગ્રીષ્મની સંધિ. આંબે મોર આવે ને મરવા બેસે ને જાળ્યે મોતી જેવાં પીલુ આવે. કોઈ જાળ્યે ધોળાં મોતી આવે ને કોઈ જાળ્યે ફૂલગુલાબી મોતી આવે.

જાળ્યનાં પીલુનો ઝૂમખો જાણે કે લાલધોળાં મોતીનું ઝુમ્મર હોય એવો લાગે.

આંબાના મોરનાં વાસ અને રૂપ બંને ગમે, પણ રૂપમાં તો જાળ્યનાં પીલુ ચડે.

ગામડાનાં છોકરાંઓને પીલુટાણું એટલે ઉજાણી. પાદરે જાય અને છોકરાંઓ પીલુડીએ ચડી પીલુ ખાધા જ કરે. એક પીલુ ચૂંટે અને એક ખાય; ખાતાં ધરાય જ નહિ.

હોંશીલાં છોકરાંઓ નાનાં ભાઈભાંડુ માટે પીલુનાં ડાંખળાં ઘેર લાવે.

ગામડામાં બાપા સીમથી પાછા આવતા હોય કે બા નદીએથી પાણી ભરી ઘેર આવતી હોય ત્યારે બેપાંચ પીલુનાં ડાળખાં હાથમાં લેતાં આવે.

કોળણો અને ભીલડીઓ જાળ્યનાં પીલુ વેચવા આવે. "લેવાં છે સાકરિયાં પીલુ !" જાળ્યનાં પીલુમાં ઠળિયા નથી હોતા. છોકરાં દાણાને બરોબર પીલુ લઈને બુકડાવી જાય છે. સાચે જ પીલુ મીઠાં સાકર જેવાં લાગે છે.

પીલુડી જાળ્યની જ જાત છે, પણ તેને ઠળિયા-વાળાં પીલુ આવે છે. ચણીબોરથી સહેજ નાનાં કે તેના જેવડાં રંગબેરંગી તે હોય છે. પીલુ શહેરમાં વેચાવા આવે છે. દેખાવમાં બહુ સુંદર લાગે છે. જાણે જાતજાતનાં મોતી જોઈ લ્યો !

પાણીમાં પીલુ નાખીને જોઈએ ત્યારે જોવાની બહુ મજા આવે છે.

**"પીલુડાં પાક્યાં, મા ! પીલુડાં પાક્યાં."**

નું લોકગીત લોકોએ આ પીલુ જોઈને જ બનાવ્યું હશે.

જાળ્યનાં પીલુ મીઠાં લાગે છે, પણ પીલુડીનાં પીલુ તીખાં ગળ્યાં લાગે છે. કોઈ કોઈ પીલુ તો એવાં તીખાં ગળ્યાં હોય કે નાકમાંથી ધુમાડા નીકળે અને આંખમાંથી પાણી આવે !

પીલુ એવાં છે તો ય આપણાથી ખાધા વિના ન રહેવાય. કાઠિયાવાડમાં પીલુનો મહિમા; ગુજરાતમાં કોઈ પીલુ જાણતું નથી.

પીલુટાણે કોયલની ચાંચ પાકે એમ કહેવાય છે. બરાબર આ જ વખતે કોયલના ટહુકા આંબાવાડિયામાં અને જાળ્યોમાં સંભળાય છે, પણ કોયલ કરતાં વહી જાળ્ય



ઉપર બહુ દેખાય છે; ક્યાંઈ ક્યાંઈથી વહીઓ પીલુડાં ખાવા જાળ્યે આવે છે.

વહી કાબરના જેવું એક પક્ષી છે.

જાળ્યનું લાકડું બટકણું ને ઝટ બળી જાય એવું છે. સુતારીકામમાં તે ઉપયોગી નથી. જાળ્યના થડમાં પોલાણ થઈ શકે છે. તેમાં ઘણી વાર સાપ રહે છે છોક-રાઓ જાળ્યની ગેડી ગેડીદડા માટે વાપરે છે; બાવળની ગેડી જેવી તે ટકાઉ હોતી નથી.

જાળ્યનાં પાંદડાં વાના દરદમાં કામ આવે છે. તેનો સ્વાદ તીખો તમતમો છે; આકાર સુંદર છે.

ઇતિશ્રી જાળ્યપુરાણમ્.

# બોરડી

ઘરમાં કાશીબોર આણેલાં. બબુએ બોર ખાઈ ને વાડામાં ઠળિયો નાખેલો; કોઈના જાણવામાં નહિ કે ચોમાસું આવશે ત્યારે ઠળિયામાંથી બોરડી ઊગશે. પણ ચોમાસું આવ્યું, મેઘ ગાજ્યો ને વરસાદ પડ્યો. વાડા આખામાં ખડ ઊગી નીકળ્યું. એમાં પેલો ઠળિયો પણ ઊગેલો. પણ ખડમાં કોણ જુએ ? તડકા પડ્યા ને ખડ સુકાયું. વિજુ-ભાઈ દાતરડી લઈ ખડ કાપવા બેઠા ત્યાં પેલી બોરડી આવી. એ મનમાં કહે : " કાંઈ નહિ. બોરડી ભલે ઊગતી. વાડો છે ને મહીં બોરડી થાય તો એને ઠીક બોર આવશે."

ગંગા અને જમનાએ નાનો સરખો ક્યારો કર્યો. બબુ રોજ બોરડીને પાણી રેડે ને નવાં નવાં પાંદડાં ગણે. પર ચારછ માસમાં તો બોરડી વધી પડી. એટલાં બધાં પાંદડાં કે બબુ ગણી યે ન શકે !

બોરડી વાડામાં હતી. બકરું ય ત્યાં આવી શકે તેમ નહોતું. એટલે બે વરસમાં તો બોરડી વિજુભાઈ જેવડી



થઈ ગઈ ! ત્રીજે વરસે દોઢી થઈ ને થાંભલી જેવડું થડ થયું.

બધાં વિચાર કરતાં હતાં કે હવે બોરડીને બોર ક્યારે આવશે ? ત્યાં તો શિયાળો આવ્યો ને બોરડીને મોર આવ્યો; મોર ખર્યો ને ઝીણાં ઝીણાં બોર આવ્યાં; પહેલાં તો રાઈ રાઈ જેવડાં બોર હતાં, પછી મગ જેવડાં થયાં; પછી ચણા જેવડાં, પછી વાલ જેવડાં, પછી નાની એવી ખારેક જેવડાં અને પછી તો અસલ કાશીનાં બોર જેવાં બોર થયાં.

ક્યારે બોર પાકે ને ક્યારે બોર ખવાય ? પણ નાનાં છોકરાં કાંઈ ધીરજ રાખે ? એ તો કાચાં ને કાચાં બોર ખાવા માંડે; પણ પોતાની મેળે ચડાય નહિ ને કાચાં બોર ખવાય નહિ. બોરે બોરડી ભરાઈ ગઈ ને કાચાં બોર પાકી પડ્યાં. ઊંચી બોરડી નીચી નમી. રોજ પાંચપચીચ બોર ખરી પડે તે નાનાં છોકરાં ઉપાડી લે. વિજુભાઈ હાથ લાંબો કરે ને પાંચપચીશ બોર ઉતારે. બેચાર મોઢામાં મૂકે ને પાંચદસ બોર ઘરમાં લાવે. સવારબપોર પંખીઓ આવે તે પચીશપચાસ બોર ચાખે.

વાડાની બોરડીને બહુ બોર આવ્યાં. ઘરમાં ય ખાય, પાડોશીને ય આપે, અને વળી પંખીઓ ય ચાખે. પણ તો ય બોર એટલાં ને એટલાં !

# ગાંડો બાવળ

જેને લાંબા લાંબા કાંટા છે, જેનો છાંયો કછાંયો એટલે ખરાબ છાંયો કહેવાય છે, જેની છાલ કાળી ખરબચડી છે. તેને લોકો ડાહ્યો બાવળ કહે છે. ડાહ્યો બાવળ એટલે જેનાં દાતણ કરીએ છીએ તે બાવળ. લોકોને ઉપયોગમાં આવ્યો એટલે તે ડાહ્યો. લોકોનું ધોરણ જ એવું. પોતાના કામમાં આવે તે ડાહ્યો; પોતાને કામ ન આવે તે ગાંડો. નાનાં છોકરાં ઝટઝટ કામ કરી આપે તે માબાપને મન ડાહ્યાં, પણ આળસુ માબાપને પોતાને ઊઠીને કામ કરવું પડે ત્યારે છોકરાં ગાંડાં!

ગાંડો બાવળ મેં જોયેલો છે. હું તેના ઉપર ચડેલો છું. તેને છાંયે બેઠેલો છું. તેની શીંગો ખાધેલી છે. તેના કાંટા કોઈ દી લાગ્યા નથી. મને તે કોઈ દિવસ ગાંડો લાગ્યો નથી. પણ ઊલટું નાના હતા ત્યારે તે બહુ ડાહ્યો લાગેલો અને હજી પણ લાગે છે.

ગાંડો બાવળ નાનો હતો ત્યારે બકરાં તેની ઉપર



ઝાડ થઈ તેને ખાતાં, અને તે કોઈ દિવસ કાંઈ બોલતો નહિ.

તેની ડાળો અને તીરખીઓ અને તેના ઉપરની ઝીણીઝીણી પાંદડીઓ લીલીછમ હોવાથી આંખને ઠારતી. તીરખીઓ ઉપરથી લીલી પાંદડીઓ બે આંગળીઓ વચ્ચેથી સુરરર કરી ઉતારી નાખવાની બહુ મજા પડતી. પછી મોઢામાં તીરખીનો એક છેડો રાખી, તાણીને બીજે છેડેથી ખેંચીને તીરખીનું વાજું બનાવી લેવાતું. ખેંચાઈ ને તંગ થયેલી તીરખી ઉપર તંબૂરાના તાર પર આંગળી ચલાવવાથી જેમ અવાજ આવે તેવો અવાજ આવતો.

ગામડાના છોકરાઓ ભાતું લીધા વિના વનમાં વગર પૂછે ઉજાણીએ ઊપડી જાય છે. આંબલી તેમને કાતરા આપે છે, બોરડી બોર આપે છે, પીલુડી પીલુ આપે છે અને ગાંડો બાવળ પોતાની શીંગો આપે છે. ચોળીની શીંગો જેવી લાંબી અને ભરાવદાર દાણાવાળી ગાંડા બાવળની શીંગોના લૂમખાના લૂમખા બાવળ ઉપર સુંદર દેખાય છે. ગધેડાની પીઠ ઉપર ટેકો દઈ બાવળ ઉપર ચડી જનારા ગામડિયા છોકરાઓ લૂમખાના લૂમખા નીચે પાડે છે.

શીંગોમાંથી બીજ કાઢી, બીજમાંથી ધોળું પડ કાઢી છોકરાઓ તે હોંશે હોંશે ખાય છે, જે જરા ગળ્યું ગળ્યું લાગે છે. કૂણાં બિયાંને વઘારીને પણ નાનાં બાળકો ખાય છે.

માબાપોને આની ખબર જ હોતી નથી, પણ ગાંડા

બાવળને તેની પૂરેપૂરી જાણ છે. લોકોએ તેને ગાંડો બાવળ એટલા માટે કહ્યો હોય કારણ કે તે છોકરાઓ ભેગા કરે છે અને ખવરાવે છે. માબાપોને મન નિશાળ જેવું કોઈ ડાહ્યું નથી અને છોકરાઓને મન આ ગાંડા બાવળ જેવાં કેટલાંય જણ બહુ ડાહ્યાં લાગે છે! મને તો ગાંડો બાવળ બહુ ડાહ્યો લાગે છે.

# લીલો બાવળ

મારા ફળિયામાં ઊગેલો છે તે ડાહ્યો બાવળે નથી ને ગાંડો બાવળે નથી. ગાંડો બાવળ ગાંડો નથી હોતો; લોકોએ એને ગાંડો શા માટે કહ્યો હશે તેનું કારણ લોકો જાણે, અને ડાહ્યા બાવળને ડાહ્યો કહેવામાં લોકોએ એમાં કયું ડહાપણ ભાળ્યું હશે તે મને તો કદી નથી સમજાયું. લોકો ડાહ્યા બાવળનાં દાતણ કરે છે અને ગાંડો બાવળ દાતણના કામમાં નથી આવતો એટલા માટે ઉપયોગી તે ડાહ્યો અને પોતાને નહિ ઉપયોગી તે ગાંડો એમ વખતે ઠરાવ્યું હોય! લોકોનો સ્વભાવ તો એવો જ છે. જે બાળકો ઝટપટ ઊઠીને માબાપનું કામ કરે છે તેને તેઓ ડાહ્યાં કહે છે, અને જેઓ કોઈ પણ કારણે કામ નથી કરી શકતાં તેમને તેઓ ગાંડાં કહે છે. લોકોનું ધોરણ ઉઘાડી રીતે સ્વાર્થનું છે. લોકોના સ્વાર્થમાં બિચારાં બાળકોને, ઝાડોને અને પોતાના સિવાય સૌને સહેવાનું.

સારું છે કે આ લીલો બાવળ લોકોના ઝપાટે નથી

ચડયો. એનું કારણ છે. એ પરદેશી છે. કદાચ પરદેશીથી લોકો ડરે છે તેમ આ બાવળથી યે ડર્યા હોય અને તેનું નામ ન લીધું હોય તો તે સંભવિત છે! અગર તો તેઓ આ પરદેશથી આવનારને હજી કૌતુક અને વહેમથી જોતા હોય અને તેને વિષે કંઈ કહેતા પહેલાં સાવધાની રાખતા હોય એમ બનવું ય સ્વાભાવિક છે.

અમે એને લીલો બાવળ કહીએ છીએ કારણ કે તે બારે માસ લીલો રહે છે. પરદેશમાં આવાં કાયમી લીલાં ઝાડો છે તેમાંથી આવેલ આ ભાઈ કદાચ ન હોય! કોઈ કહેતું હતું કે આ બાવળ ઓસ્ટ્રેલિયાનો વતની છે; કદાચ એમ હશે.

બાવળ કાયમ લીલો છે એટલે એ હમેશની શોભા છે. અને છતાં પાનખરમાં તે બૂઠો નથી થતો એટલે જ વસંતમાં તેની શોભા વધી જતી નથી. એ એનું ભાગ્ય કહો કે દુર્ભાગ્ય કહો, પણ એ તો હમેશાં એવો ને એવો જ રહેવાનો.

લીલા બાવળને કાંટા તો છે; પણ ડાહ્યા બાવળના કાંટાની જેમ નીચે પડીપડીને માણસોને તે લાગતા નથી. ડાહ્યા કહેવાતા માણસો ય બીજાઓને ધાર્યા કરતાં વધારે લાગે છે, એની સાક્ષી ડાહ્યો બાવળ આપી શકે છે. લીલા બાવળના કાંટા ઝાડ ઉપર જ રહે છે, અને સંભાળીને ઝાડ ઉપર ચડે તો તે કોઈને લાગતા પણ નથી. કાંટા કાંટામાં યે ફેર છે. બોરડીના કાંટાને લાગ્યા વિના રહેવાય



જ નહિ; ગુલાબના કાંટાનો પણ એવો જ સ્વભાવ ઘડાયેલો. આ વળી લીલા બાવળના કાંટાનો સ્વભાવ જરા સારો છે; એની કેળવણી એટલી સારી હશે.

લીલા બાવળને પરડા નથી થતા પણ શીંગો તો થાય છે. ખીજડાને જેવી સાંગરો થાય છે એવી જ સાંગરો લીલા બાવળને થાય છે. પક્ષીઓમાં પોપટ અને માણસોમાં નાનાં બાળકોને સાંગર બહુ ભાવે છે. પોપટને લીલી અને બાળકોને સૂકી સાંગરો ભાવે છે. એટલે તો બંનેમાં તફાવત હોય જ ના?

લીલા બાવળનાં ફૂલો તલબાજરડાના જેવાં થાય છે. એમાં કયાં ને કેવી રીતે મધ રહેતું હશે તે તો સક્કરખોરાઓ જાણે; પણ સક્કરખોરા તેમાંથી મધ લેવા આવે છે તો ખરા! બરાબર બારીક અવલોકન કરી નક્કી કરવા માટે એકાદ બાયનોકયૂલર ગળે લટકાવી જ રાખવું જોઈએ.

લીલો બાવળ અમારા આંગણાની શોભા છે. સવારે સૂર્યના તડકાને પોતાના શરીરની ચારણીમાંથી ચાળી ચાળીને અમારા ઉપર-ઘર અને ફળિયા ઉપર પાથરે છે, રાતે ચાંદનીની ધોળી ચાદરમાં કાળી ભાત પાડવાનું કામ પણ એનું જ છે. દિવસે કે રાતે આકાશને આખું જોવામાં આડે આવી ઊભો રહેનાર પણ એ જ છે.

પવન સાથે લહેરો લેવાનું લીલા બાવળને બહુ ગમે છે. હિલોળેલ જેમ હિલોળા લેતો જાય છે ને ઝીણા સુસવાટે દુહાસોરઠા લલકારતો જાય છે. એની ડાળીઓને

પવનમાં નાચતી જોઈ નાનાં છોકરાંઓના પગ અને મોટાંઓનાં હૈયાં નાચવા લાગે છે.

લીલો બાવળ અત્યારે સૂતો છે; સાચે જ એ રાત્રે સૂઈ જાય છે ત્યારે એનાં પાંદડાં લજામણી જેમ બિડાઈ જાય છે; અને મા બાળકને પારણે ઝુલાવે તેમ જ ફક્ત પવનની દોરીએ તે હળુ હળુ ઝૂલે છે.

## બાવળ

પગમાં બાવળનો કાંટો લાગ્યો હશે તેણે તો બાવળનું ઝાડ જોયું હશે.

બાવળ કાઠિયાવાડ અને ગુજરાતમાં ઠેકઠેકાણે થાય છે.

કુદરતે ઘણાં ઝાડો ઉગાડ્યાં છે, તેમ બાવળને પણ ઉગાડ્યો છે.

બાવળની લાંબી સૂળો પગમાં ભોંકાઈ જાય તેટલા માટે નહિ, પણ તેનું લાકડું બહુ કામનું છે માટે બાવળ ઉપયોગી છે.

બાવળનું લાકડું કઠણ છે. તે જલદી સડતું નથી. બળતણ તરીકે બાવળનાં લાકડાં બહુ વપરાય છે. લાકડું કઠણ હોવાથી લાંબો વખત બળે છે ને તેની આંચ સખત લાગે છે.

બીજાં બળતણ બળીને રાખ થઈ જાય છે, બાવળના લાકડાના કોલસા પડે છે. એ કોલસા ફરી વાર સગડીમાં બાળી શકાય છે.

જંગલોમાં મોટા પાયા પર કોલસા બનાવવામાં આવે છે તે મોટે ભાગે બાવળનાં લાકડાંના. જંગલનાં મોટાં મોટાં ઝાડો સળગાવી મૂકે છે; લગભગ સળગી રહેવા આવે છે ત્યારે તેના પર ધૂળ વગેરે વાળી દેવામાં આવે છે, અગર તે દાટી દેવામાં આવે છે. આ કોલસા શહેરમાં વેચાતા મળે છે તે.

બાવળની સૂળો ધોળી અને લાંબી છે. બે સૂળો એક છેડે જોડાયેલી રહે છે. નાનાં બાળકો તેનું એક ઉખાણું નાખે છે :—

"બે ભાઈ વચ્ચે એક મુખ."

બાવળનો કાંટો એકાએક પેસી જાય તો તે ઊંડે જાય છે. બાવળના કાંટાને કેટલાક લોકો ટાંકણીઓ પેઠે ગામડામાં વાપરે છે. કોઈ વાર છોકરાઓ મોટર કે સાયકલમાં પંચર પાડવા બાવળના કાંટાને રસ્તામાં વેરે છે. બાવળની સૂળોને ગામડામાં ભીંતે કાંઈ ચોડવું હોય તો ખીલી પેઠે વાપરે છે.

બાવળની લાંબી લાંબી શીંગો થાય છે, તેને પરડા કહે છે. પરડાનો સ્વાદ તૂરો લાગે છે. કાઠિયાવાડનાં ગામડાઓમાં લોકો તેનું અથાણું કરે છે. એ અથાણું સારું લાગે છે.

બાવળનો ગૂંદર વધારે મોંઘો અને વધારે ઉપયોગી છે. એ દવામાં પણ કામ આવે છે. શિયાળામાં લોકો પાક કરીને ખાય છે, તેને ગૂંદરપાક કહે છે.



પણ પેલો માસ્તર નિશાળિયાને 'ગૂંદરપાક' આપે છે તે જુદો. એ ગૂંદરપાક એટલે તો ઠોંસા અને થપાટ !

બાવળના થડ કે ડાળી ઉપર કુહાડીથી કાપા પાડવામાં આવે છે; તેમાંથી રસ નીકળે છે અને જામી જાય છે. એનું નામ ગૂંદર.

બાવળ ઉપયોગી છે છતાં લોકો તેની નિંદા કરે છે. ગધેડાને કઢોર, કળથીને કધાન અને બાવળને કઝાડ કહે છે. લોકો પણ છે ને કાંઈ!

શું કામ એને કઝાડ કહેતા હશે? કેમકે એને છાંયે બેસી શકાતું નથી; એની નીચે એટલા બધા કાંટા હોય છે; એને છાંયે અનાજ પાકે નહિ ને ખેતી બગડે.

બાવળને ઝાડે સુગરી પોતાના માળા ખાસ કરીને બાંધે છે. સુગરીને એમ તો અક્કલ બહુ છે. એનું નામ સુગૃહી, સારા ઘરવાળી. એનો માળો સાચે જ સુંદર હોય છે. પણ શા માટે એ કાંટાળા બાવળે જઈને બાંધતી હશે? પણ એમ તો બુલબુલને પણ બાવળ ગમે છે. એમ તો એવું બહુ યે હશે. આપણે પક્ષીનું ક્યાં જાણીએ છીએ?

અને આટલું બધું લખ્યું પણ એક વાત તો રહી જ ગઈ. બાવળનાં રોજ રોજ દાતણ કરીએ છીએ એ તો યાદ રહ્યું જ નહિ! બાવળનું દાતણ બહુ સારું ગણાય છે. તે ચાવવાથી મોં, જીભ, ગળું સુંવાળું રહે છે ને તેનો કૂચો પોચો મજાનો થાય છે.

બાવળનું વાંકું વાઘરી નહિ બોલે; વાઘરીને તો એના ઉપર રોટલો છે.

હું આ લખું છું તે વખતે મારી પાસે બેઠેલો એક વૈદ કહે છે: "અરે! તમે બાવળની પાલી–પાંદડાની વાત તો ભૂલી જ ગયા! માણસનું મોઢું આવે ત્યારે બાવળની પાલી મૂકવાથી મોઢું મટી જાય છે."

બાવળ વિષે ઘણું લખ્યું. હવે બસ

# ખીજડો

ખીજડો સીમમાં તેમ જ ગામની અંદર ઊગે છે.

અમારી શેરીના એક દવેના ફળિયામાં ખીજડો ઊગ્યો હતો.

નાનપણમાં છોકરીઓ લોકગીતો ગાતી હતી તેમાં નીચેની લીટી આવતી હતી :—

"ખીજડે ચડીને વાટ જોઈશ
મોરી સંગલાલ."

છોકરાઓ ખીજડે ચડવાના શોખીન હોય છે. ખીજડા ઉપર શીંગો થાય છે તેને સાંગરો કહે છે; સાંગરો ખાવામાં ફિક્કીગળી લાગે છે.

છોકરીઓ છાણુ વીણવા જાય છે ત્યારે ખીજડા નીચે છાણુના સૂંડલા મૂકી ખીજડે ચડી સાંગરો ખાય છે. નાની છોકરીઓ ખીજડો હલાવીને નીચે પડેલી સાંગરો વીણે છે; ઉપર ચડેલી છોકરીઓ ખોળો ભરી સાંગરો નીચે લાવે છે. અને ભાંડરડાં માટે ઘેર લઈ જાય છે.

દિશાએ જવા નીકળેલા છોકરાઓ સાંગરો ખાવા ચડી જાય છે, તેમ નિશાળમાંથી નાસી આવેલા છોકરાઓ પણ સાંગર ઉડાવવા આવે છે.

ખીજડાનું ઝાડ બહુ આકર્ષક કે રળિયામણું નથી. પાંદડાં ઝીણાં અને લીલાં ભૂખરાં હોય છે. ડાળો બટકણી હોય છે. થડની છાલ થોડાં થોડાં તડિયાં તડિયાંવાળી હોય છે.

ખીજડાનું બીજું નામ શમીવૃક્ષ છે. મહાભારતના પાંડવોએ વનવાસમાં જતી વખતે પોતાનાં હથિયારો ખીજડા પર સંતાડયાં હતાં. આજે પણ ક્ષત્રિયો દશેરાને દિવસે શમીપૂજન કરે છે; ઝાડને સિંદૂરનું ત્રિશૂળ કરે છે અને તેને પગે લાગે છે. કેટલાએક રાજાઓ સવારી કાઢી દશેરાને દિવસે શમી પૂજવા જાય છે.

વાઘરીનું માનીતું ઝાડ બાવળ, ચમારનું આવળ, બ્રાહ્મણનું પીપળો, કુંભારનું આંબલી, જોગીઓનો વડ, એમ રજપૂતનું શમીવૃક્ષ કહેવાય. એમ કહીએ તોપણ ચાલે કે પીપળો પવિત્ર ઝાડ અને ખીજડો બહાદુર ઝાડ.

## રૂખડો

વાર્તામાં રૂખડા ઝાડનું નામ સાંભળેલું. સોનબાઈની વાર્તામાં આવે છે કે—

**“વધ વધ રૂખડા વધી જજે.”**

મને તો થતું કે રૂખડો આકાશ જેટલો ઊંચો હશે.

વીશ વર્ષનો થયો ત્યાં સુધી મેં રૂખડો ભાળેલો નહિ; પણ એક વાર ઘોઘા ગયો અને રૂખડો દીઠો. હું તો નવાઈ જ પામી ગયો. રૂખડો ઊંચો નહિ પણ સારી પેઠે નીચો; ઠીંગણો, બહુ ઠીંગણો. પણ એટલો બધો જાડો કે બસ! માત્ર જાડો, પણ ઊંચો નહિ; માત્ર થડ પરંતુ ડાળોવાળો ને પાંદડાંવાળો નહિ. એટલે રૂપાળો લાગે નહિ. અને જાડો તે કેટલો બધો? બાર તેર જણ હાથના આંકડા ભીડી ભીડીને ઝાડ ફરતા ઊભા રહ્યા ત્યારે માંડ થડ બાથમાં આવ્યું.

જાડા, ઠીંગણા, કદ્રૂપા સીદી જેવો રૂખડો કોઈ કહે તો ના ન કહેવાય. રૂખડો મૂળે ય આવેલો છે આફ્રિકાથી.

જૂના વખતના આફ્રિકાના મુસાફરોએ અહીં આણ્યો હશે. દરિયાકિનારો તેને બહુ ભાવે છે.

મેં એને કરૂપ રૂખડો કહ્યો, પણ ચિત્રકારને મન તે નવીન અને સુંદર પણ લાગે છે. થડ અને ડાળીઓ જરૂર ચિત્રકાર ચીતરી લે. ઝાડોમાં વિચિત્ર ઝાડ વિચિત્રતાને કારણે જ રૂપાળું લાગે.

થડમાં ખાડા ખાડા પાડીને છોકરાઓ રૂખડા ઉપર ચડે છે. ચાર પાંચ જણા એક સાથે ચડતા હોય ત્યાં સુધી એકબીજાને ખબર ન પડે કે કોણ ચડે છે.

કાઠિયાવાડના ચાંચ બેટમાં એક મોટો જબરો રૂખડો છે. તેના થડમાં એવી પોલ છે કે તેમાં એક ગાડું સમાઈ જઈ શકે !

# સીસમ

મારા ઘરમાં એક પેટી હતી. તે ઘણાં બધાં ખાનાં-વાળી હતી, અને તેના ઉપર સુંદર સુંદર નકશી હતી. એ પેટી સીસમની હતી.

જેમ સુખડમાં નકશીકામ થાય છે તેમ સીસમમાં પણ નકશીકામ થાય છે. એક પાટીદારના ઘરની આખી છત સીસમના લાકડાની ભરપૂર કોતરણીવાળી હતી. કેટલાં ય વર્ષની તે હતી, છતાં તે નવા જેવી જ લાગતી હતી. કેમકે સીસમનું લાકડું જેવું ને તેવું રહે છે; ઝટ જૂનું થતું નથી, અને એને કીડા પણ લાગતા નથી.

જૂના લોકો પથ્થરમાં તેમ જ સીસમના લાકડામાં કારીગરીને સરસ રીતે સાચવી રાખતા હતા.

કોઈના જૂના ઘરમાં જઈને હમેશાં સીસમના ઇસ્કો-તરાની તપાસ કરવી; ઘણા જૂના કારીગરોએ આગળ ઉપર એવા ઇસ્કોતરા બનાવેલા છે. મેં ઉપર કહ્યું તેમ એવો એક ઇસ્કોતરો મારા ઘરમાં હતો.

થોડા વખત પહેલાં મેં બાળકો માટે ચાર દાંડિયા સીસમના કરાવ્યા હતા, પણ તે તો ઝટ લઈને તૂટી ગયા. મને પાછળથી માલૂમ પડ્યું કે સીસમનું લાકડું ૪૦–૫૦ વર્ષ પછી મજબૂત થાય છે. કોઈએ કાચું લાકડું કાપ્યું હશે ને તેમાંથી દાંડિયા કર્યાં હશે એટલે એ તૂટી-ગયા. ખરું પૂછો તો સીસમનું લાકડું સારું ને જૂનું હોય તો તેનાં પાટિયાં લોખંડ જેવાં મજબૂત નીકળે છે.

સારું સીસમ ઘણે વખતે પાકે છે, એટલે તે મોંઘું પડે છે. એટલે હાલના ઉપલકિયા લોકો જેવાં તેવાં બીજાં લાકડાંનાં ફરનિચર ઉપર સીસમનો રંગ કરી ખુરશીટેબલ વગેરે ફરનિચર સીસમના જેવાં બનાવે છે. પણ એમ કર્યે કાંઈ સાચા સીસમની તોલે આવે ? અસલ તે અસલ, ને રંગ તે રંગ !

સીસમનું લાકડું કંઈક અબનૂસ જેવું કાળું હોય છે. પણ કદાચ એટલું બધું તો નહિ; પણ માણસ જ્યારે કાળે રંગે હોય છે ત્યારે ઘણી વાર લોકો એમ કહે છે કે "આ તો કાળો સીસમ જેવો છે."

પણ સીસમથી કાળું અબનૂસ છે ને અબનૂસથી કાળો આફ્રિકાનો 'નુબી' નામની જાતનો વતની છે. આફ્રિકામાં જ્યારે હું નુબી લોકોને જોતો ત્યારે મને તેલ ચોપડેલી સીસમની લાકડી સાંભરતી.

તમે સીસમની લાકડી ઉપાડી જોશો તો માલૂમ પડશે કે બીજી લાકડીઓથી તે ભારે છે. દેવદારનું લાકડું



ખૂબ હળવું છે તો સીસમનું લાકડું ખૂબ ભારે છે.

કેટલાંક મોટાં ઝાડો જેમ પર્વતો ઉપર થાય છે તેમ સીસમ પણ સહ્યાદ્રિ ઉપર ઠીકઠીક થાય છે. મલબારમાં પણ એની ઉત્પત્તિ સારી છે. આપણા ગુજરાત–કાઠિયા-વાડમાં સીસમનું ઝાડ છે કે નહિ તે હું જાણતો નથી. પણ તમે કોઈ જાણતા હો તો મને લખી જણાવજો.

મારી પાસે બેઠેલી એક છોકરી કહે છે: "સીસમ શબ્દ સીદી ઉપરથી આવ્યો હશે."

પણ એ વાત ખોટી લાગે છે. આફ્રિકામાં એ ઝાડ થાય છે કે નહિ એ માલૂમ નથી, પણ યુરોપમાં તો થાય છે. લૅટિનમાં તેનું નામ 'ડાલ વર્જીયા ટ્રી ફોલિયા' છે. કેવડું મોટું નામ ? લૅટિન ભાષાના બધા શબ્દો આવડા મોટા હોય તો તો બોલવામાં બહુ ભારે પડે, ને મોઢું પણ દુખે !

આપણે સીસમ શબ્દ ઠીક છે.

# કદંબ

ભગવાન શ્રીકૃષ્ણનું પ્રિય ઝાડ કદંબ. કદંબ ઝાડે ચડીને બાલકૃષ્ણ ગોવાળો સાથે રમત રમતા; ઝાડના થડ ઉપર પગની આંટી મારી, હોઠ ઉપર વાંસળી રાખી, વાંસળીના સૂર છોડતા. કદંબ નીચે ઊભેલી ગાયોને હળવે હળવે બપોરના તડકામાં પંપાળતા. કદંબના ઝાડ ઉપરથી ભગવાને ધરામાં કાલિનાગને નાથવા ભૂસકો માર્યો હતો.

આવું ભાગવતમાં વાંચેલું ને વારંવાર આંખ આગળ કલ્પેલું. આજે પણ એ મીઠી કલ્પનાનું દૃશ્ય એવું જ આંખ આગળ ખડું થાય છે.

એવું એકાદ ચિત્ર પણ જોયેલું યાદ છે. ‘ કદંબ કેરે ઝાડવે’ની લોકગીતની કંઈક લીટી યાદ હતી પણ તે અત્યારે સાંભરતી નથી.

ચિત્રમાં જોયેલ કદંબ ઉપરથી ગામને પાદર આવેલા એક પીપળાને અમે કદંબનું ઝાડ કહેતા. એ પીપળા નીચે ઊભા ઊભા અમે ભાગવતની રસિક કથા ફરી ફરી



વાર સહેજે યાદ કરતા.

વર્ષો પછી સાચા કદંબને જોયું. કોઈએ કહ્યું : “ પેલી સીમમાં કદંબનું ઝાડ છે.” માઈલો ચાલીને હું કદંબ જોવા ગયો; ઝડપથી અને આતુરતાથી હું કદંબ પાસે ગયો. એ જૂના ઝાડને જોઈને મનને આનંદ થયો. મનમાં એમ પણ થયું કે કાઠિયાવાડના સૂકા મુલકમાં કદંબ પણ આવું લૂખુંસૂકું જ હોય; યમુનાને કિનારે જરૂર કદંબ વધારે ભવ્ય ને વધારે મોટું હશે. હવે તો યમુનાકિનારે જઈશ ને કદંબ જોઈશ, ત્યારે ફરી વાર તમને જણાવીશ કે કદંબ કેવું છે.

કાઠિયાવાડના નાના એવા લૂખાસૂકા કદંબ પર પણ ફૂલો તો સુગંધી ને સુંદર જ હતાં. એમ અમસ્તું કાંઈ ગોપના રાજાએ કદંબને પોતાનું નહિ કર્યું હોય !

# શીમળો

આપણી સંસ્કૃત ભાષામાં એક બહુ સુંદર કથા છે. તમે મોટાં થઈને જો સંસ્કૃત ભણો તો જરૂર એ કથા વાંચજો. એનું નામ 'કાદંબરી' છે, અને બાણ નામના ભટ્ટે એ કથા લખેલી છે.

એ કથામાં શાલ્મલી નામના ઝાડનું વર્ણન છે: "એક વનમાં એક મોટું, બસો ત્રણસો વર્ષનું જૂનું ઝાડ હતું. એના ઉપર હજારો પંખીઓના માળા હતા. રાત્રે હજારો પંખીઓ રાત રહેવા ત્યાં આવતાં, ને સવારે ત્યાંથી ઊડી ઊડીને ચણવા જતાં. ત્યાં એક પોપટનો માળો હતો. એ પોપટના માળામાંથી કોઈ પારધી પોપટના બચ્ચાને લઈ ગયો." વગેરે વગેરે વાત એમાં આવે છે. તમારા બાપાને કે શિક્ષકને એ વાત આવડતી હોય તો તેમને કહેજો કે એ કહી સંભળાવે.

શાલ્મલીનું ઝાડ એટલે શીમળાનું ઝાડ.

ગુજરાતમાં આ શીમળાનું ઝાડ થાય છે. સીમમાં



ફરવા નીકળો ત્યારે કોઈને પૂછીને એ ઝાડ ઓળખી લેજો.

એનાં સૂકાં ફળોમાંથી જ્યારે રૂ ઊડતું હશે ત્યારે તો ઝાડની આસપાસ ઊડતા રૂ ઉપરથી પણ તમે જાણી શકશો કે આ જ ઝાડ શીમળો,

ગામડાનાં છોકરાં તો એ રૂથી રમતાં પણ હશે.

રૂમાં આવેલા બીને પકડીને રૂને ફૂંક મારીને ઉડાડવાની રમત ગામડાનાં છોકરાંને બહુ વહાલી છે. ગામડાનાં છોકરાં રૂને ઉડાડે ને મજા કરે ત્યારે પૈસાદારનાં છોકરાં એ રૂના ગાદીતકિયા ઉપર બેસીને ચોપડી વાંચે !

આ શીમળાનું રૂ કપાસના રૂની પેઠે પીંજવું પડતું નથી; એ તો એમ ને એમ જ ભરાય છે. જેઓએ આકડાનાં આકોલિયાંનું રૂ જોયું હશે તેમને આ શીમળાના રૂનો ખ્યાલ સહેજે આવશે.

શીમળાનું રૂ એટલું બધું સુંદર ને સુંવાળું છે કે તમે તેના ઉપર હાથ ફેરવ્યા જ કરો, ગાલ ઉપર તેને લગાડ્યા જ કરો ! અને હળવું તો એટલું બધું કે ફૂલ કરતાં ય હળવું.

# ચંદનવૃક્ષ

નાનપણમાં ઓરશિયા ઉપર સુખડ ઘસતાં ઘણી વારે આવડેલું. ઉતારેલું ચંદન કળશિયા ઉપર લગાડી બાળકેશ્વરની પૂજા કરવા જતા, અને મહાદેવને ઠંડા પાણીથી નવરાવી તેના ઉપર ચંદન લગાડતા. મહાદેવના ઠંડે કપાળે ઠંડા ચંદનનાં ત્રિપુંડ કરતાં આંગળાંને આનંદ આવતો.

ચંદનમાં પિત્તળનું ટીલું બોળીને કપાળે ટીલું એટલા માટે બનાવતા કે મોટાભાઈ જેમ આંગળી વડે ટીલું કરતાં આવડતું નહોતું.

ઘણાં વર્ષો વહી ગયાં મહુવાના બાગમાં ૨૭ વર્ષની ઉંમરે હું ફરતો હતો. કોઈએ મને કહ્યું : "ચંદનનું ઝાડ જોવું છે? ચાલો બતાવું." મને થયું કે તે કોણ જાણે કેવું યે હશે! વાર્તામાં વાંચેલું કે ચંદનને ઝાડે સાપો વીંટળાયેલા રહે છે એટલે હું તો ચંદનનું ઝાડ, વીંટળાયેલા સાપ અને તેની ખુશબો માટે ઉત્સુક બનીને ઉતાવળો ચાલ્યો.



કોઈએ કહ્યું : "આ જ ચંદનનું ઝાડ."

હું પાછો પડી ગયો અને આશ્ચર્ય સાથે તેના સામે જોઈ રહ્યો. મેં પૂછ્યું : "આ જ ચંદનનું ઝાડ?"

સાધારણ બોરડી જેવડું, ગૂંદી કે લીમડાની થડડાળ જેવું અને પાંદડે લીમડા જેવું ભૂખડું ઝાડ હતું. મને થયું : "શાસ્ત્રમાં કહ્યું છે કે **आकृतिर्गुणान् कथयति** એટલે આકૃતિ ઉપરથી ગુણની ખબર પડે છે, તે અહીં તો સાચું નથી લાગતું."

અમે ચંદનનું છોડિયું કાપ્યું અને સૂંઘ્યું; ચંદનની સુવાસ આવતી હતી. પણ તે કઈ જાતનું હતું તેની પૂછપરછ કરવાનું સાંભર્યું નહિ. ચંદનનાં ઝાડો બે ત્રણ જાતનાં થાય છે. એક જાતને મલયગિરિ ચંદન કહે છે, બીજાને બર્બર ચંદન કહે છે, ત્રીજાને શબર ચંદન કહે છે, અને ચોથાને હરિચંદન કહે છે. વાત બરાબર છે.

સંસ્કૃતમાં કહેલું છે કે—

**घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदन चारुगन्धम्।**

એટલે જેમ જેમ ચંદનને ઘસીએ તેમ તેમ તેમાંથી વધારે ને વધારે સુગંધ નીકળે. હરિચંદન વિષે ભવભૂતિએ લખેલા ઉત્તરરામચરિત નામના નાટકમાં લખેલું છે—

**पश्चोतनं नु हरिचन्दनपल्लवानाम्।**

મુદ્દે વાત એમ છે કે હરિચંદન બહુ શીતળ છે; બધાં ચંદનનો ગુણ શીતળ તો છે જ. પણ નવાઈ જેવું છે કે તો બધાંનો સ્વાદ કડવો છે.

સુખડનાં ઝાડ કાઠિયાવાડમાં થાય છે એમ રખે માનતા. પણ મહુવા એ અમારા કાઠિયાવાડનો નાનકડો ભાગ છે; ત્યાં એકાદ ઝાડ કોઈએ શોખથી આણેલું છે. બાકી સુખડનાં મોટાં ઝાડ મલબાર પ્રાંતમાં થાય છે. અને મલબાર પ્રાંત હિંદુસ્તાનને પશ્ચિમ કિનારે પગે લાંબો થઈ ને પડેલો છે.

સુખડનું ઝાડ પવિત્ર ગણાય છે. પારસી લોકો આતશ-બહેરામમાં હમેશાં ચંદન જ વાપરે છે. પારસી લોકોને રંગ છે. તેઓ ઈરાનમાંથી આવ્યા ત્યારે ત્યાંથી પોતાના ઘરનો અગ્નિ સાથે લાવ્યા છે, અને સુખડનાં લાકડાંથી તેને આજ સુધી અખંડ બળતો રાખ્યો છે. એ વાતને આજે ૧૩૦૦–૧૪૦૦ વર્ષ થયાં છે. જે જગ્યાએ આ અગ્નિ રાખવામાં આવે છે તે જગ્યાએ પારસી સિવાય બીજાને જવા દેવામાં આવતાં નથી.

આપણા અગ્નિહોત્રીઓ પણ અગ્નિનું એટલું જ માન રાખે છે. અને અગ્નિ છે પણ માનનીય. એ આપણું જીવન છે.

હિંદુ લોકો પોતાના સાધુસંતોને, રાજાઓને અને મહાન પુરુષોને સુખડથી જ બાળે છે. લોકમાન્ય ટિળકને સુખડથી બાળેલા.

મહાત્મા ગાંધીજીને પણ એકલાં ચંદનનાં લાકડાં વડે જ બાળેલા.

બજારમાં સુગંધી તેલવાળાઓ સુખડનું તેલ વેચે



છે. એનો ઉપયોગ જાણો છો? કેટલાએક શોખીન લોકો સુખડનાં તેલનાં પૂમડાં કાનમાં ખોસીને ફરે છે. પણ તે કાંઈ ખરો ઉપયોગ નથી. જેને ખસ થઈ હોય તેઓ જો ચામડી ઉપર સુખડનું તેલ લગાડે તો ફાયદો થાય છે. ઉનાળામાં નાનાં બાળકોને સુખડનું તેલ લગાડવું સારું છે. તમે સમજશો કે સુખડ સુગંધી છે તેમ તેલી પણ છે.

કુદરતની પણ ખૂબી છે કે કોઈ ઝાડનાં લાકડામાંથી તો કોઈ ઝાડનાં ફૂલમાંથી તો કોઈ ઝાડનાં ફળમાંથી તો કોઈની વળી છાલમાંથી તેલ નીકળે છે. કોઈનાં મૂળિયાં-માંથી પણ તેલ નીકળે છે. વિચાર કરો જોઈએ. કયાં કયાં ઝાડો તેલ આપનારાં છે?